જૂન
૨૦૧૫

# Most IMP Current Affairs


















Crack GPSC

www.crackgpsc.com

**Useful For....**

**UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams**

www.crackgpsc.com

# જૂન ૨૦૧૫

## We are famous for…

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

**Material**

www.crackgpsc.com




# Most Imp Current Affairs – June 2015

## ➢ 1st week

- **અમૃતા શાહનું પુસ્તક 'અમદાવાદ: અ સિટી ઇન ધ વર્લ્ડ' રીલીઝ**

  અમૃતા શાહ દ્વારા લેખિત પુસ્તક 'અમદાવાદ: અ સિટી ઇન ધ વર્લ્ડ'નું વિમોચન કરવામાં આવ્યું. આમાં ભારતના સાતમા સૌથી મોટા શહેર અમદાવાદ, કાકા શૈલીનો વિકાસ અને મહાત્મા ગાંધીના બ્રિટીશ શાસન વિરુદ્ધ સંઘર્ષ, સાંપ્રદાયિક હિંસા વગેરેનો ઉલ્લેખ કર્યો છે. તેમાં અમદાવાદના પ્રાકૃતિકસૌંદર્ય, શાસકો, વેપારીઓ, સેવકો, દલિત મજુર, મહિલાઓ, વિસ્થાપિત મુસલમાનો તથા મધ્યમ વર્ગની વાર્તા છે.

- **સેપ બ્લેટર પાંચમી વાર ફીફા અધ્યક્ષ તરીકે ચૂંટાયા**

  સ્વિસ નાગરિક સેપ બ્લેટરને ઇન્ટરનેશનલ ફેડરેશન ઓફ એસોસિએશન ફૂટબોલ (ફીફા)ના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા. તેઓ પાંચમી વાર આ પદ પર નિયુક્ત થશે. તેઓ વર્ષ 1998થી અત્યાર સુધી ચાર વખત ફીફા અધ્યક્ષ રહી ચુક્યા છે.

- **કરન્સી નોટ પેપર ફેક્ટરીની હોસંગાબાદમાં સ્થાપના**

  હોસંગાબાદમાં નોટ પેપર ફેક્ટરીનું ઉદઘાટન કરવામાં આવ્યું. અહીં 1000 રૂપિયાની નોટ બનશે. હવેથી નોટ માટેનાં પેપર વિદેશમાંથી આયાત નહિ કરવાં પડે. નવી પેપર ફેક્ટરી સિક્યોરિટી પ્રિન્ટીંગ એન્ડ મીટીંગ કો-ઓપરેશન ઓફ ઇંડિયા લિ. દ્વારા શરુ કરવામાં આવેલ બેંક નોટ પેપરના દેશીકરણ (મેક ઇન ઇંડિયા કાર્યક્રમ)નો ભાગ છે.

- **સિંગાપુરના ભૂતપૂર્વ વિદેશ મંત્રી જ્યોર્જ ઇયો નાલંદા યુનિવર્સીટીના કુલપતિ**

  સિંગાપુરના ભૂતપૂર્વ વિદેશ મંત્રી જ્યોર્જ ઇયો નાલંદા યુનિવર્સીટીના કુલપતિ તરીકે પસંદગી પામ્યા. તેમની આ નિમણુક નોબલ પુરસ્કાર વિજેતા અમર્ત્ય સેન દ્વારા ઉમદેવારી પાછી ખેંચાયા બાદ કરવામાં આવી. બિહારના રાજગીર નામના સ્થળે સ્થિત નાલંદા યુનિવર્સીટીમાં જ્યોર્જ ઇયો આંતરરાષ્ટ્રીય સલાહકાર સમિતિના અધ્યક્ષ પણ છે. અમર્ત્ય સેન 18 જુલાઈ સુધી આ પદ પર રહેશે. નાલંદા યુનિવર્સીટીને પુનઃ અસ્તિત્વમાં લાવવાનો વિચાર વર્ષ 2005માં તત્કાલીન રાષ્ટ્રપતિ એ. પી. જે. અબ્દુલ કલામ દ્વારા કરવામાં આવ્યો હતો.

www.crackgpsc.com

- **નિશાનેબાજ ગુરપ્રીત સિંહ રિયો ઓલિમ્પિક માટે ક્વાલીફાઈ**

  મ્યુનીખમાં ઇન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન દ્વારા આયોજિત વિશ્વ કપ રાઈફલ/પિસ્ટલની 10 મીટર એર પિસ્ટલ સ્પર્ધામાં ચોથું સ્થાન મેળવીને નિશાનેબાજ ગુરપ્રીતે રિયો ઓલિમ્પિક માટે સ્થાન મેળવી લીધું છે. રિયો ઓલિમ્પિક માટે ક્વાલીફાઈ થનાર અન્ય ભારતીય ખેલાડીઓમાં જીતુ રાય, ગગન નારંગ, અપૂર્વી ચંદેલા અને અભિનવ બિન્દ્રા સામેલ છે.

- **વિશ્વની ભૂતપૂર્વ નંબર વન મહિલા ટેનિસ ખેલાડી ડોરિસ હાર્ટનું અવસાન**

  વિશ્વની ભૂતપૂર્વ નંબર વન મહિલા ટેનિસ ખેલાડી અમેરિકાની ડોરિસ હાર્ટનું અવસાન થયું. એક પગ ખરાબ હોવા છતાં તેણે પોતાની કારકિર્દીમાં 35 ગ્રાન્ડસ્લેમ ખિતાબ જીત્યા. ટેનિસ જગતમાં માત્ર માર્ટિના નવરાતિલોવા અને માર્ગેટ કોર્ટ સ્મિથ જ તેના જેટલા ગ્રાન્ડસ્લેમની નજીક પહોંચી શક્યાં છે. જમણા પગમાં ઓસ્ટીયોમિલીટીસની બીમારીથી પીડાતા હોવા છતાં ડોરિસ વર્ષ 1951માં નંબર વન મહિલા ખેલાડી બની હતી.

- **ભારત અને બાંગ્લાદેશ વચ્ચે તટીય અને સમુદ્રી શીપીંગ કરાર મંજુર**

  કેન્દ્રીય મંત્રીમંડળે ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના તટીય અને સમુદ્રી શીપીંગ કરારને મંજુરી આપી. આ કરારથી ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આયાત-નિકાસ વેપારથી માલની હેરફેરનો ખર્ચ ઓછો થશે. બંને દેશો વચ્ચે પરસ્પર વેપાર વધશે અને આયાત-નિકાસ કાર્ગોનો ખર્ચ ઓછો થશે.

- **એન્ટરપ્રાઈઝ ક્ષેત્રે સહયોગ માટે ભારત અને સ્વિડન વચ્ચે સહમતિને મંજુરી**

  કેન્દ્રીય મંત્રી મંડળે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એન્ટરપ્રાઈઝ ક્ષેત્રે સહયોગ માટે ભારત અને સ્વિડન વચ્ચેના એમઓયુને મંજુરી આપી. સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એન્ટરપ્રાઈઝ વિભાગ અત્યાર સુધી 17 દેશોના મંત્રાલયો કે સંગઠનો સાથે આ ક્ષેત્રે સહયોગ કરી ચુક્યો છે.




www.crackgpsc.com

- **ફૂટબોલ ક્લબ મોહન બાગાને આઈ લીગ ખિતાબ જીત્યો**

  કોલકાતાના દિગ્ગજ ફૂટબોલ ક્લબ મોહન બાગાને આઈ લીગ ખિતાબ જીત્યો. બેંગલુરુના શ્રી કાંતિવીરા સ્ટેડિયમમાં આયોજિત ફાઈનલમાં મોહન બાગાને ગત વિજેતા બેંગલુરુ એફસી સાથે 1-1થી ડ્રો રમીને પ્રથમ વખત આઈ-લીગ ફૂટબોલ ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો. વર્ષ 2007માં ગઠિત આઈ-લીગ, પ્રોફેશનલ ભારતીય ફૂટબોલ ક્લબ્સનું એક સંગઠન છે. તે દેશની ટોચની ફૂટબોલ સ્પર્ધાનું આયોજન કરે છે. હાલ આઈ-લીગમાં કુલ 14 ફૂટબોલ ક્લબ સામેલ છે.

- **'જન ઔષધિ યોજના' હેઠળ 1000 નવા સ્ટોર્સ ખોલવાની ઘોષણા**

  કેન્દ્ર સરકારે 'જન ઔષધિ યોજના' હેઠળ 1000 નવા સ્ટોર્સ ખોલવાનો પ્રસ્તાવ કર્યો. આ સ્ટોર્સ વંચિત વર્ગો માટે ખોલવામાં આવશે, જેમને બજાર કિંમત કરતા 60 થી 70% ઓછી કિંમતે દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

- **92 વર્ષીય હૈરીયેટ થોમ્પસને મેરેથોન દોડ પૂરી કરીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો**

  92 વર્ષની ઉંમરે મેરેથોન દોડ પૂરી કરીને હૈરીયેટ થોમ્પસને વિશ્વની સૌથી મોટી ઉંમરનાં મહિલા દોડવીરનો વિશ્વ રેકોર્ડ બનાવ્યો. અમેરિકા સ્થિત ઉત્તર કેરોલિનાનાં નાગરિક હૈરીયેટ થોમ્પસન એક સમયે કેન્સરથી પીડિત હતાં પરંતુ હવે તેઓ સ્વસ્થ છે.

- **બાર્સેલોના ફૂટબોલ ક્લબે 27મી વખત કોપા ડેલ રે કપ જીત્યો**

  આર્જેન્ટીની ફૂટબોલ સ્ટાર લિયોનેલ મેસીની શ્રેષ્ઠ રમતની મદદથી સ્પેનના ફૂટબોલ ક્લબ બાર્સેલોનાએ કોપા ડેલ રે કપ જીત્યો. કોપા ડેલ રે સ્પેનિશ ફૂટબોલ ચેમ્પિયનશિપની સૌથી સફળ ટીમ બાર્સેલોના છે, જે અત્યાર સુધી 27 વાર ખિતાબ જીતી ચૂકી છે.

- **ઓસ્ટ્રેલિયન ઓપન બેડમિન્ટન સુપર સીરીઝ 2015**

  વિશ્વના નંબર વન ખેલાડી ચેન લોન્ગે ઓસ્ટ્રેલિયન ઓપન બેડમિન્ટન સુપર સીરીઝ 2015નો પુરુષ એકલનો ખિતાબ જીત્યો. મહિલા વર્ગમાં સ્પેનની કેરોલીના મારિને મહિલા એકલનો ખિતાબ જીત્યો.

- **લલિત ભનોટની એશિયન એથ્લેટિક્સ સંઘના ઉપાધ્યક્ષ તરીકે પસંદગી**

  ભારતીય ઓલિમ્પિક સંઘના ભૂતપૂર્વ મહાસચિવ લલિત ભનોટની એશિયન એથ્લેટિક્સ સંઘના ઉપાધ્યક્ષ તરીકે પસંદગી. કતરના દહલાન અલ-હમદને બીજી વાર અધ્યક્ષ પદે નિર્વિરોધ પસંદ કરવામાં આવ્યા. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ ભનોટ પર વર્ષ 2014માં IOAની ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુક્યો હતો. જો કે ભનોટ પર એશિયન સંઘમાં ચૂંટણી લડવા પર

www.crackgpsc.com

કોઈ રોક નથી. ભનોટની સાથે કોમનવેલ્થ કૌભાંડમાં જેલમાં ગયેલ સુરેશ કલમાડીને એશિયન એથ્લેટિક્સ સંઘના આજીવન અધ્યક્ષ બનાવવામાં આવ્યા.

- **ઉબેર કંપનીએ અમિત જૈનને ઇન્ડિયા ઓપેરેશન્સના અધ્યક્ષ નિયુક્ત કર્યા**

અમેરિકાની મોબાઈલ એપ આધારિત ટેક્સી સેવાઓ આપનાર કંપની ઉબેરે અમિત જૈનને ભારતીય પરિચાલનના અધ્યક્ષ નિયુક્ત કર્યા. જૈન આ પહેલાં ભાડેથી રહેવા માટે મફત સેવાઓ પૂરી પાડનાર અમેરિકન કંપની રેડ ડોટ કોમના અધ્યક્ષ રહી ચુક્યા છે. ઉબેર ટેક્સી સેવા વર્ષ 2013માં ભારતમાં શરુ કરવામાં આવી હતી અને વર્તમાનમાં તેનું USAથી બહાર ભારતમાં સૌથી મોટું બજાર છે.

- **ટોની બ્લેરે મધ્ય-પૂર્વ ગ્રુપના વિશેષ દુત પદેથી રાજીનામું આપ્યું**

બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાન ટોની બ્લેરે મધ્ય-પૂર્વ ગ્રુપના વિશેષ દુતના પદ પરથી રાજીનામું આપ્યું. મધ્ય-પૂર્વ ગ્રુપ ચાર સભ્યોનું એક ગ્રુપ છે જેમાં સંયુક્ત રાષ્ટ્ર, સંયુક્ત રાજ્ય અમેરિકા, યુરોપીયન યુનિયન તથા રશિયા સંયુક્ત રીતે ઇઝરાયેલ-પેલેસ્ટાઇન સંકટનો શાંતિપૂર્ણ ઉકેલ શોધવા માટે કાર્યરત છે. આ ગૃપની સ્થાપના મેડ્રિડ, સ્પેનમાં વર્ષ 2002માં થઇ હતી.

- **મીણા હેમચંદ્ર RBIનાં એક્ઝિક્યુટીવ ડિરેક્ટર નિયુક્ત**

મીણા હેમચંદ્ર ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)નાં એક્ઝિક્યુટીવ ડિરેક્ટર તરીકે નિમણુક પામ્યાં. એક્ઝિક્યુટીવ ડિરેક્ટર તરીકે તેઓ બેંકિંગ ઓબ્ઝર્વેશન વિભાગ, સહકારી બેંકિંગ ઓબ્ઝર્વેશન વિભાગ અને નોન-બેંકિંગ ઓબ્ઝર્વેશન વિભાગ સંભાળશે.

- **ચીન દ્વારા વિશ્વનું પ્રથમ ચહેરો ઓળખવાની ટેકનોલોજી પર આધારિત એટીએમ વિકસિત**

ચીને ચહેરો ઓળખવાની ટેકનોલોજી પર આધારિત દુનિયાનું પ્રથમ એટીએમ વિકસાવ્યું. તેની મદદથી ફ્રોડ કે કાર્ડનો દુરુપયોગ કરવાનું રિસ્ક ઓછું થઇ જશે. આ એટીએમને જેક્વાન ટેકનોલોજીએ વિકસાવ્યું.

- **સુરેન્દ્રસિંહ નેગી 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ પુરસ્કાર'થી સન્માનિત**

ઉત્તરાખંડના સ્વાસ્થ્ય મંત્રી સુરેન્દ્રસિંહ નેગીને 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ પુરસ્કાર 2015' આંતરરાષ્ટ્રીય સન્માનથી નવાજવામાં આવ્યા. ડબ્લ્યુએચઓએ (WHO) સ્વાસ્થ્ય મંત્રીને રાજ્યમાં તમાકુના પ્રોડક્ટ્સ અને નશીલા પદાર્થો વિરુદ્ધ અભિયાન ચલાવવા માટે સન્માનિત કર્યા.

GPSC, BANK Clerk/PO
Maths & Reasoning by... એમ. કે. સર
87340 98198

www.crackgpsc.com

- **કેન્દ્ર સરકારે સર્વિસ ટેક્સમાં 1.64%ની વૃદ્ધિ કરી**

  કેન્દ્ર સરકારે 1 જુન 2015થી સર્વિસ ટેક્સમાં 1.64%નો વધારો કર્યો. જે મુજબ સર્વિસ ટેક્સનો દર 12.36થી વધીને 14% થઇ ગયો. કેન્દ્રીય નાણા મંત્રી અરુણ જેટલીએ આ અંગેની જાહેરાત વર્ષ 2015-16ના બજેટ ભાષણ દરમ્યાન કરી હતી.

- **પી. કુનીકૃષ્ણન સતીશ ધવન સ્પેસ સેન્ટરના ડિરેક્ટર નિયુક્ત**

  પી. કુનીકૃષ્ણનને સતીશ ધવન સ્પેસ સેન્ટરના ડિરેક્ટર નિયુક્ત કરવામાં આવ્યા. સતીશ ધવન સ્પેસ સેન્ટર શ્રીહરિકોટા ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) હેઠળ કામ કરે છે જે આંધ્રપ્રદેશના નેલ્લોર જીલ્લામાં સ્થિત છે.

- **અમીના ગુરીબ ફકીમ બન્યાં મોરેશિયસનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યાં**

  અમીના ગુરીબ ફકીમ મોરેશિયસનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યાં. 1968માં બ્રિટનથી આઝાદ થયા બાદ હિંદ મહાસાગર દ્વીપ મોરેશિયસમાં 1992માં મહારાણી એલિઝાબેથ દ્વિતીયની જગ્યા રાષ્ટ્રપતિ પદનું સર્જન કરવામાં આવ્યું.

- **સચિન, ગાંગુલી અને વી. વી. એસ. લક્ષ્મણ BCCIની સલાહકાર સમિતિમાં સામેલ**

  ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે (BCCI) સચિન તેંદુલકર, સૌરવ ગાંગુલી અને વી. વી. એસ. લક્ષ્મણને BCCIની સલાહકાર સમિતિમાં સામેલ કરવાની જાહેરાત કરી. નવરચિત સલાહકાર સમિતિ રમત સંબંધી તમામ મુદ્દાઓ પર બોર્ડને માર્ગદર્શન આપશે.

- **કે. સિવાન વિક્રમ સારાભાઇ અંતરિક્ષ કેન્દ્ર (વીએસએસસી)ના ડિરેકટર નિયુક્ત**

  અંતરિક્ષ વૈજ્ઞાનિક કે. સિવાનને વિક્રમ સારાભાઇ અંતરિક્ષ કેન્દ્રના ડિરેકટર નિયુક્ત કરવામાં આવ્યા. આ પહેલાં તેઓ લિક્વિડ પ્રોપલ્શન્સ સિસ્ટમ સેન્ટર (LPSC), થીરુવનંથપુરમના ડિરેકટર હતા.

  **વિક્રમ સારાભાઇ અંતરિક્ષ કેન્દ્ર**

  વિક્રમ સારાભાઇ અંતરિક્ષ કેન્દ્ર ઈસરોનું **સૌથી મોટું અને સૌથી મહત્વનું કેન્દ્ર છે. તે કેરલના** થીરુવનંથપુરમમાં સ્થિત છે. અહીં રોકેટ, પ્રક્ષેપણ યાન અને કૃત્રિમ ઉપગ્રહોના નિર્માણ અને તેને સંબંધી ટેક્નોલોજીનો વિકાસ કરવામાં આવે છે. આ કેન્દ્રની શરૂઆત થુમ્બા ઇક્વેટોરિયલ રોકેટ લોન્ચિંગ સ્ટેશન (Thumba Equatorial Rocket Launching Station, TERLS) તરીકે વર્ષ 1962માં થઇ હતી. તેનું પુનઃ નામકરણ ભારતીય અંતરિક્ષ કાર્યક્રમના જનક ડૉ. વિક્રમ સારાભાઇના સન્માનમાં વિક્રમ સારાભાઇ અંતરિક્ષ કેન્દ્ર રાખવામાં આવ્યું.

www.crackgpsc.com

- **'ખોયા પાયા' વેબ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું**

  કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી મેનકા સંજય ગાંધી અને કેન્દ્રીય સંચાર તથા ઇન્ફર્મેશન ટેકનોલોજી મંત્રી રવિશંકર પ્રસાદે સંયુક્ત રીતે 'ખોયા પાયા' વેબ પોર્ટલની શરૂઆત કરી. 'ખોયા પાયા' પોર્ટલ નાગરિક આધારિત એક વેબસાઈટ છે, જ્યાં ખોવાયેલ અને મળી આવેલ બાળકો વિષે માહિતી મળે છે. તેને મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તથા ઈલેક્ટ્રોનિક અને ઇન્ફર્મેશન ટેકનોલોજી વિભાગ દ્વારા વિકસિત કરવામાં આવી.

- **એર માર્શલ બીરેન્દ્ર સિંહ ધનોઆએ વાયુ સેનાના ઉપ પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યો**

  એર માર્શલ બીરેન્દ્ર સિંહ ધનોઆએ વાયુ સેનાના ઉપ પ્રમુખ (વીસીએસ)નો કાર્ય ભાર સંભાળ્યો. ધનોઆએ એર માર્શલ રવિકાંત શર્માનું સ્થાન લીધું, જેઓ 31 મે 2015ના રોજ નિવૃત્ત થયા.

- **મુહમ્મદુ બુહારી નાઈજીરિયાના રાષ્ટ્રપતિ**

  મુહમ્મદુ બુહારીએ નાઈજીરિયાના રાષ્ટ્રપતિનું પદ ગ્રહણ કર્યું. મુહમ્મદુ બુહારી નાઈજીરિયાના પાંચમા રાષ્ટ્રપતિ છે. તેઓ નાઈજીરિયન સેનાના સેવાનિવૃત્ત મેજર જનરલ છે.

- **લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના ભૂતપૂર્વ નેતા ચાર્લ્સ કેનેડીનું અવસાન**

  બ્રિટનની લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના ભૂતપૂર્વ નેતા ચાર્લ્સ કેનેડીનું અવસાન થયું. તેઓ ડેવિડ કેમરનની સરકારમાં નાયબ વડાપ્રધાન હતા.

- **ઈમામીએ આયુર્વેદિક તેલ બ્રાન્ડ કેશ કિંગના અધિગ્રહણની ઘોષણા કરી**

  કન્ઝ્યુમર વસ્તુઓ બનાવનાર કંપની ઈમામીએ વાળ અને ત્વચાની સાર સંભાળ કરનાર આયુર્વેદિક તેલ બ્રાન્ડ કેશ કિંગના અધિગ્રહણની ઘોષણા કરી. ઈમામી પોતાના વેપારના વિસ્તાર માટે લોકલ અને આંતરરાષ્ટ્રીય સ્તરે નવા પ્રોડક્ટ્સની શ્રેણીઓનું અધિગ્રહણ કરી રહી છે.

- **પવન મુંજાલ હીરો મોટોકોર્પના સીએમડી નિયુક્ત**

  પવન મુજાલ હીરો મોટોકોર્પ લિ.ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર (CMD) અને CEO નિયુક્ત. હીરો મોટોકોર્પ લિ. મોટર સાઈકલ બનાવનાર એક ભારતીય કંપની છે. તે પહેલાં હીરો હોન્ડાના નામે ઓળખાતી હતી. તે દુનિયાની સૌથી મોટી ટુ-વ્હીલર નિર્માતા કંપની છે.

- **રુલ ઓફ લો ઇન્ડેક્સ**

  અમેરિકા સ્થિત વર્લ્ડ જસ્ટિસ પ્રોજેક્ટે વર્ષ 2015નો રુલ ઓફ ઇન્ડેક્સ પ્રસ્તુત કર્યો. રુલ ઓફ ઇન્ડેક્સમાં ટોચનું સ્થાન ડેન્માર્કનું છે જયારે દક્ષિણ એશિયન દેશોમાં નેપાળ ટોચના સ્થાને છે. કુલ 102 દેશોમાં ભારત 59મા સ્થાને છે.



www.crackgpsc.com

- **ભૂટાને વૃક્ષારોપણ કરીને નવો રેકોર્ડ બનાવ્યો**

ભૂટાનમાં 100 સ્વયંસેવકોના ગ્રુપે એક કલાકમાં 49672 છોડ રોપીને એક નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો. આ પહેલાં વિશ્વમાં એક કલાકમાં 10000 વૃક્ષો રોપવાનો રેકોર્ડ ભારતના એક ગ્રુપ દ્વારા ત્રણ વર્ષ પહેલાં બનાવાયો હતો. ઉલ્લેખનીય છે કે ભૂટાનમાં 75%થી વધુ વન ક્ષેત્ર છે.

- **સેપ બ્લેટર દ્વારા ફીફાના અધ્યક્ષ પદેથી રાજીનામાની ઘોષણા**

સેપ બ્લેટરે ફીફાના અધ્યક્ષ પદેથી રાજીનામુ આપવાની ઘોષણા કરી. તેમને 30 મે 2015ના રોજ આ પદ માટે પાંચમી વખત ચૂંટવામાં આવ્યા હતા. બ્લેટરે ફીફાના કેટલાક અધિકારીઓની ભ્રષ્ટાચાર બાબતે થયેલ ધરપકડ બાદ રાજીનામુ આપ્યું.

- **ગોવામાં 61 દિવસો સુધી માછલી પકડવા પર પ્રતિબંધ**

ગોવામાં 61 દિવસો સુધી માછલી પકડવા પર 1 જુનથી લાગુ કરવામાં આવ્યો. આ પ્રતિબંધ મત્સ્ય વિભાગ દ્વારા ઈંડા મુકવાની ઋતુમાં માછલીઓને પ્રજનન સુવિધા પુરી પાડવાના હેતુથી મુકવામાં આવ્યો.

- **ફિલીપોસે જી ન્યુમોટીલ નેવિના સહાયક પ્રમુખ (વાયુ) તરીકે નિયુક્ત**

રીયર એડમિરલ ફિલીપોસે જી ન્યુમોટીલને ઇન્ડિયન નેવિના સહાયક પ્રમુખ (વાયુ) નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ આ પહેલાં ન્યુમોટીલ વિમાન અધિગ્રહણના ચીફ ડિરેક્ટર તરીકે કાર્યરત હતા.

- **વિશ્વનાં આકર્ષક પર્યટક સ્થળોમાં તાજમહેલ ત્રીજા સ્થાને**

લંડનની એક પ્રમુખ ટ્રાવેલ વેબસાઈટ ટ્રીપ એડવાઇઝરના 2015 ટ્રાવેલર્સ ચોઈસ એટ્રેકશન એવોર્ડ્સમાં મુખ્ય ઐતિહાસિક સ્થળોની સૂચિમાં તાજમહેલને ત્રીજુ સ્થાન મળ્યું. પ્રથમ સ્થાને પેરુનું માચુ પિચુ અને બીજા સ્થાને કમ્બોડિયાનું અંગકોરવાટ છે.

- **તુલસીના 'જીનોમ સીક્વેન્સિંગ'માં સફળતા**

સેન્ટ્રલ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ એન્ડ એરોમેટિક પ્લાન્ટ્સ (CSIR) લખનઉએ તુલસીના છોડના જીનોમ સીક્વેંસમાં સફળતા મેળવી. તુલસીને પ્રાકૃતિક ઔષધોની જનની માનવામાં આવે છે. તેને આયુર્વેદ, યુનાની, સિદ્ધ વગેરે ઔષધીય પરંપરાઓમાં ઉપયોગ કરવામાં આવે છે.

- **ભારતે આંતરરાષ્ટ્રીય કુસ્તી સ્પર્ધામાં આઠ સુવર્ણચંદ્રક જીત્યા**

ભારતે આંતરરાષ્ટ્રીય કુસ્તી સ્પર્ધામાં આઠ સુવર્ણ અને એક કાંસ્ય સહિત કુલ નવ ચંદ્રક જીત્યા. યોગેશ્વરે 65 કિગ્રા વર્ગમાં, પ્રવીણ રાણાએ 70 કિગ્રા વર્ગમાં, અમિત કુમાર અને નરસિંહ યાદવે

www.crackgpsc.com

પણ ક્રમશઃ 57 અને 74 કિગ્રા વર્ગમાં સુવર્ણચંદ્રક જીત્યા.

- **અર્જુન પુરસ્કાર વિજેતા પહેલવાન પ્રેમનાથનું અવસાન**

  અર્જુન પુરસ્કાર વિજેતા પહેલવાન પ્રેમનાથનું અવસાન. પ્રેમનાથ દિલ્લીમાં કુસ્તીને લોકપ્રિય બનાવવાના તેમના પ્રયાસો માટે જાણીતા હતા.

- **ભારત અને સ્વીડન વચ્ચે 6 સમજુતી પર હસ્તાક્ષર**

  ભારત અને સ્વીડન વચ્ચે આપસી સહયોગ વધારવા 6 સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ સમજુતી ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીની સ્વીડન યાત્રા દરમ્યાન કરવામાં આવી. આ સમજુતીમાં સતત નગર વિકાસ માટે સમન્વય, ધ્રુવીય રિસર્ચ અને આપસી કારોબાર વધારવાની સમજુતી સામેલ છે. ઉલ્લેખનીય છે કે, પ્રણવ મુખરજી સ્વીડનનો પ્રવાસ કરનાર ભારતના પ્રથમ ભારતીય રાષ્ટ્રપતિ છે.

- **30મો ઇન્ડિયા કારપેટ એક્સ્પો વારાણસીમાં યોજાશે**

  30મો ઇન્ડિયા કાર્પેટ એક્સ્પો ઓક્ટોબર 2015 માં વારાણસીમાં યોજાશે. આનો ઉદેશ્ય કાર્પેટની નિકાસને વધારવાનો અને વિશ્વ માર્કેટમાં ભારતીય કાર્પેટસના પ્રદર્શનનો છે.

- **આરબીઆઈ દ્વારા રેપો રેટમાં 0.25% ની કમીની ઘોષણા**

  આરબીઆઈએ રેપો રેટમાં 0.25% ની કમીની ઘોષણા કરી. આ ઘોષણા બાદ રેપો રેટ ઘટીને 7.25% થઇ ગયો. આ સાથે જ રિવર્સ રેપો રેટ 6.25% થયો.

  રેપો રેટ એ દર છે, જેના પર આરબીઆઈ કોઈ બેંકને લોન આપે છે. બેંક પોતાની પાસે રહેલ રોકડને રિઝર્વ બેંકમાં રાખે છે અને તેના પર તે બેંકને રિઝર્વ બેંક તરફથી વ્યાજ મળે છે. જે દર પર આ વ્યાજ મળે છે, તેને રિવર્સ રેપો રેટ કહે છે.

- **IAP હેલ્થ ફોન કાર્યક્રમનો પ્રારંભ**

  કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી મેનકા ગાંધીએ IAP હેલ્થ ફોન કાર્યક્રમનો પ્રારંભ કર્યો. આ કાર્યક્રમની શરૂઆત મહિલાઓ અને બાળકોમાં કુપોષણના સમાધાન માટે દુનિયાના સૌથી મોટા ડિજીટલ શિક્ષા કાર્યક્રમના રૂપમાં કરવામાં આવી છે. આ કાર્યક્રમ 2018 સુધી 13 થી 35 વર્ષની ઉંમરની છોકરીઓ અને મહિલાઓમાં સ્વાસ્થ્ય અને પોષણના વિષયમાં મોબાઇલના માધ્યમથી જાગરૂકતા ફેલાવવા માટે શરુ કરાયો છે. આ કાર્યક્રમને 18 ભારતીય ભાષાઓમાં તૈયાર કરાયેલા વિડીયો સંદેશના માધ્યમથી પ્રચારિત અને પ્રસારિત કરાશે. આ સંદેશમાં ગર્ભવતી મહિલાઓને બાળકોને સ્તનપાન કરાવવા અને સંતુલિત આહારના મહત્વ વિષે



www.crackgpsc.com

જાણકારી આપવામાં આવશે. વોડાફોને આ સંદેશથી જોડાયેલા વિડીયોને બતાવવા માટે પોતાના ગ્રાહકોને ફ્રી ડેટા આપવાની અને 4 વિડીયો જોવા પર ગ્રાહકોને 10 રૂ. ટોકટાઇમ આપવાની ઘોષણા કરી છે.

- **કર્ણાટક કરશે નેશનલ વોલીબોલ ચેમ્પીયનશીપ 2016ની મેજબાની**

  વર્ષ 2016ની નેશનલ વોલીબોલ ચેમ્પીયનશીપ કર્ણાટકના બેંગલુરુમાં આયોજિત કરાશે. આ પ્રતિયોગિતા જાન્યુઆરી 2016માં બેંગલુરુના શ્રી કાન્તીરવા ઇન્ડોર એન્ડ આઉટડોર વોલીબોલ સ્ટેડિયમમાં આયોજિત કરાશે.

- **હાર્લે-ડેવિડસન અને મિન્ત્રા વચ્ચે ઓનલાઈન વેપાર બાબતે સમજુતી**

  કલ્ટ બાઈક બનાવનારી કંપની હાર્લે-ડેવિડસન અને ફેશન પોર્ટલ મિન્ત્રા વચ્ચે ઓનલાઈન વેપાર બાબતે સમજુતી થઇ. આકર્ષક ડીઝાઇન અને બોલ્ડ શહેરી સ્ટાઇલ માટે જાણીતી હાર્લે-ડેવિડસન કંપની હવે મિન્ત્રાના વિશેષ ઓનલાઈન સ્ટોર પર દૈનિક ઉપયોગનાં કપડાંની પેશકશ કરશે.

- **ઇંદરજીતસિંહે એશિયાઈ એથ્લેટિકસમાં સુવર્ણચંદ્રક જીત્યો**

  ઇંદરજીતસિંહે ચીનના વુહાનમાં આયોજિત 21મી એશિયાઈ એથ્લેટિકસમાં પુરુષોની ગોળા ફેંક સ્પર્ધામાં સુવર્ણચંદ્રક જીત્યો.

- **એબી ડીવિલિયર્સને દક્ષિણ આફ્રિકાના વર્ષના સર્વશ્રેષ્ઠ ક્રિકેટરનો પુરસ્કાર**

  દક્ષિણ આફ્રિકાના ખેલાડી એબી ડીવિલિયર્સને દક્ષિણ આફ્રિકાના વર્ષના સર્વશ્રેષ્ઠ ક્રિકેટરનો પુરસ્કાર. તેમને લગાતાર બીજા વર્ષે આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. હાશિમ અમલાને વર્ષના સર્વશ્રેષ્ઠ ટેસ્ટ ક્રિકેટરનો પુરસ્કાર આપવામાં આવ્યો.

- **મહારાષ્ટ્ર સરકારે રેશન માફિયાઓ સામે મકોકા લાગુ કર્યો**

  મહારાષ્ટ્ર સરકારે નાસિકના પાંચ વ્યક્તિઓ વિરુદ્ધ મકોકા લાગુ કર્યો. આ લોકો પર જાહેર વિતરણ વ્યવસ્થાની અંતર્ગત આપવામાં આવતા રેશનની ચોરીનો આરોપ હતો. જાહેર વિતરણ વ્યવસ્થામાં થઇ રહેલ ભ્રષ્ટાચારના નિયંત્રણ માટે પહેલી વાર આ અધિનિયમને લાગુ કરાયો છે. મકોકા 1999માં ઘડવામાં આવ્યો હતો અને આ અધિનિયમનો ઉદેશ્ય ઓર્ગેનાઈઝડ ક્રાઈમ અને આતંકવાદને સમાપ્ત કરવાનો છે.

- **ફીફા રેન્કિંગમાં ભારત 141મા સ્થાને**

  ફીફા દ્વારા જારી નવી રેન્કિંગમાં ભારત 141મા સ્થાને છે. એશિયાઈ દેશોમાં ભારતની રેન્કિંગ

www.crackgpsc.com

22મી છે. સૂચિમાં પ્રથમ સ્થાન પર જર્મની છે. રેન્કિંગમાં પાંચ વખતની વિશ્વ વિજેતા બ્રાઝિલ પાંચમા સ્થાન પર છે.

- **ઈરડાને મિની રત્નનો દરજ્જો પ્રાપ્ત**

IREDA (Indian Renewable Energy Development Agency) ને મિની રત્નનો દરજ્જો આપવામાં આવ્યો. મિની રત્નનો દરજ્જો મેળવવા ત્રણ વર્ષો માટે લગાતાર લાભ કરેલો હોવો અથવા ત્રણ વર્ષોમાંથી કોઈ એક વર્ષમાં 30 કરોડ રૂપિયાથી વધુનો લાભ કરેલો હોવો જરૂરી છે. મિની રત્ન શ્રેણીને 500 કરોડ સુધીના રોકાણ માટે સરકારથી મંજુરી મેળવવી જરૂરી નથી.

- **ફેસબુકના નવા વર્ઝન લાઈટનો એશિયામાં શુભારંભ**

સોશિયલ નેટવર્ક વેબસાઈટ ફેસબુકે પોતાના નવા વર્ઝન લાઈટનો શુભારંભ કર્યો. આનાથી કમજોર નેટવર્કમાં પણ કોઈ પણ જાતની અડચણ વિના ફેસબુકનો ઉપયોગ કરી શકાશે. હાલમાં ફેસબુકે આ વર્ઝનને એશિયાના બધા દેશો માટે લોન્ચ કર્યું છે.

- **રસાયણશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર વિજેતા ઈરવિન રોજનું અવસાન**

રસાયણશાસ્ત્રમાં 2004માં નોબેલ પુરસ્કાર વિજેતા જૈવ રસાયણશાસ્ત્રી ઈરવિન રોજનું અવસાન. સર્વાઇકલ કેન્સર અને સિસ્ટિક ફાઈબ્રોસીસ જેવા રોગોના નવા ઉપચાર માટે કોશિકાઓના અનિચ્છનીય પ્રોટીનને નષ્ટ કરનારી પ્રક્રિયાની શોધ માટે તેમને નોબેલ પુરસ્કાર પ્રદાન કરાયો હતો.

- **મણિપુરમાં આંતકવાદી હમલામાં 20 સૈનિકો માર્યા ગયા**

મણિપુરના ચંદેલ એરિયાના તેંગનોપાલમાં આંતકવાદી હમલામાં 6 ડોગરા રેજીમેન્ટના 20 સૈનિકો માર્યા ગયા અને 16 ઘાયલ થઇ ગયા.

- **ઈન્ટેલે અલ્ટેરાને ખરીદવાની ઘોષણા કરી**

ચીપ બનાવનારી કંપની ઈન્ટેલ ઇન્કે ચીપ બનાવનારી કંપની અલ્ટેરાને 16.7 બિલિયન અમેરિકી ડોલરમાં ખરીદવાની ઘોષણા કરી. આ ઇન્ટેલનો અત્યાર સુધીનો સૌથી મોટો સોદો છે.

BANK PO/Clerk
New Pattern
IBPS Exam in September 2015
■ 5 times PO passed faculty
■ 3 Month course ■ Free material
M K SIR
Shortcut Expert
87340 98 1 98

www.crackgpsc.com

- **ભારત બાંગ્લાદેશ વચ્ચે સીમા સમજુતી માટે 119મા બંધારણીય સુધારા વિધેયકને મંજુરી**

  ભારત બાંગ્લાદેશ વચ્ચે સીમા સમજુતી માટે 119મા બંધારણીય સુધારા વિધેયકને મંજુરી. આ બંધારણનો 100મો સુધારો છે. આ નિર્ણય બાદ બાંગ્લાદેશને ભારત તરફથી 111 જયારે ભારતને બાંગ્લાદેશ તરફથી 51 બોર્ડર એન્કલેવ મળશે.

- **પ્રથમ ચાલક રહિત ટ્રેન મેટ્રોમાં સામેલ**

  ભારતની પ્રથમ ચાલક રહિત મેટ્રોને દિલ્લી મેટ્રોના ફેઝ 3 માટે સામેલ કરવામાં આવી. વર્ષ 2015ના અંત સુધીમાં દક્ષિણ કોરિયામાં 6 કોચવાળી આવી 20 ટ્રેનના સેટ બનાવવામાં આવશે. જયારે બાકીની 61 ટ્રેન ભારતમાં BEML (ભારત અર્થ મુવર્સ લિ.), બેંગલુરુની મેટ્રો કોચ ફેક્ટરીમાં બનાવવામાં આવશે. આ ટ્રેન હાલની ટ્રેનની તુલનામાં ઓછી ઊર્જાનો ઉપયોગ કરવામાં સક્ષમ છે. આ દેશની પહેલી ચાલક રહિત તીવ્ર ગતિની આધુનિક મેટ્રો ટ્રેન હશે.

- **સુંદરમ રવિ 2015-16 માટે ICC ની એલીટ અમ્પાયર પેનલમાં સામેલ**

  ભારતીય અમ્પાયર સુંદરમ રવિ 2015-16 માટે ICC ની એલીટ અમ્પાયર પેનલમાં સામેલ. ન્યુઝીલેન્ડના ક્રિસ ગફાનેને પણ આ પેનલમાં સામેલ કરવામાં આવ્યા.

- **જસ્ટિન ગેટલિન રોમ ડાયમંડ લીગના ઇતિહાસમાં સૌથી તેજ દોડવીર બન્યા**

  અમેરિકન દોડવીર જસ્ટિન ગેટલિન 100 મીટરની દોડ 9.75 સેકન્ડમાં પૂર્ણ કરી રોમ ડાયમંડ લીગમાં સૌથી તેજ દોડવીર બન્યા. તેમણે જમૈકાના ઉસૈન બોલ્ટનો રેકોર્ડ તોડ્યો. 2004 એથેન્સ ઓલિમ્પિકમાં 100 મીટર દોડમાં સુવર્ણચંદ્રક વિજેતા ગેટલિન 2006માં ડોપિંગના દોષી જણાયા હતા. ત્યાર બાદ તેમના પર 4 વર્ષનો પ્રતિબંધ લગાવાયો હતો.

- **લેખક અલી સ્મિથ બેલીજ વુમન્સ પ્રાઈઝ ફોર ફિક્શનથી સમ્માનિત**

  બ્રિટનના લેખક અલી સ્મિથને નવલકથા ‘હાઉ ટુ બી બોથ’ માટે બેલીજ વુમન્સ પ્રાઈઝ ફોર ફિક્શન 2015 પુરસ્કારથી સમ્માનિત કરાયા.

- **વિનીતા બાલી ગેઇનના બોર્ડ ઓફ ડીરેક્ટર્સનાં અધ્યક્ષ નિયુક્ત**

  વિનીતા બાલીને ગ્લોબલ એલાયન્સ ફોર ઈમ્પ્રુવમેન્ટ ન્યુટ્રીશન (GAIN)ના બોર્ડ ઓફ ડીરેક્ટર્સના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યાં. વિનીતાએ ગેઇનની સ્થાપના સમયથી જ કુપોષણ વિરુદ્ધ વૈશ્વિક લડાઈનું નેતૃત્વ કરનાર જે. નાયડુનું સ્થાન લીધું. તેઓ કેર ઇન્ડિયાનાં ઉપાધ્યક્ષ પણ છે. તેમની પાસે ક્રિસિલ લિ., ટાઈટન ઇન્ડ. લિ. જેવી કેટલીક ભારતીય કંપનીઓમાં એક નોન-એક્ઝિક્યુટીવ ડિરેક્ટર તરીકે કાર્ય કરવાનો અનુભવ છે.

www.crackgpsc.com

## ➢ 2nd week

- **ઈસરોની ટીમને મળ્યો અમેરિકન સ્પેસ પાયોનિયર એવોર્ડ**

  ભારતના મહત્વાકાંક્ષી મંગળયાન અભિયાનને અભૂતપૂર્વ સફળતા અપાવનાર ઈસરોના માર્સ ઓર્બીટર મિશનની (MOM) ટીમને અમેરિકાના પ્રતિષ્ઠિત સ્પેસ પાયોનિયર એવોર્ડથી સન્માનિત કરવામાં આવી.

- **ભારત અને બેલારુસ વચ્ચે છ કરાર પર હસ્તાક્ષર**

  રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી પોતાની બેલારુસ યાત્રામાં બેલારુસના રાષ્ટ્રપતિ એલેકઝાન્ડર વી. લુકાશેંકોને મળ્યા અને આ દરમ્યાન બંને દેશો વચ્ચે છ સમજુતી કરાર થયા. આ કરારોમાંથી એક બંને દેશો વચ્ચે સહયોગ વધારવાનો એક્શન પ્લાન છે. આ ઉપરાંત ડબલ ટેક્સેશન અને રેવન્યુ કર ચોરી નિવારણ સમજુતીમાં સુધારાના એક પ્રોટોકોલ પર પણ હસ્તાક્ષર થયા.

- **ઇંગ્લેન્ડના ક્રેગ કીસ્વેટરે તમામ પ્રકારની ક્રિકેટમાંથી સન્યાસની ઘોષણા કરી**

  ઇંગ્લેન્ડ અને કાઉન્ટી ટીમ સોમરસેટના વિકેટ કીપર બેટ્સમેન ક્રેગ કીસ્વેટરે આંખમાં ઈજાને કારણે ક્રિકેટમાંથી સન્યાસની ઘોષણા કરી. ક્રેગ કીસ્વેટર બાઉન્સર બોલથી ઘાયલ થઇ ગયા હતા.

- **મહારાષ્ટ્ર સરકારે ખુલ્લી સિગારેટના વેચાણ પર પ્રતિબંધ મુક્યો**

  મહારાષ્ટ્ર સરકારે ખુલ્લી સિગારેટના વેચાણ પર સંપૂર્ણ રીતે **પ્રતિબંધ** લગાવવાની ઘોષણા કરી. કેન્દ્ર સરકારે વર્ષ 2003માં જ કોપટા નામનો કાયદો બનાવ્યો હતો, જેમાં ખુલ્લી સિગારેટ વેચવા પર પ્રતિબંધ છે. મહારાષ્ટ્ર દેશનું પાંચમું એવું રાજ્ય બન્યું કે જ્યાં ખુલ્લી સિગારેટના વેચાણ પર પ્રતિબંધ છે. આ પહેલા ચંડીગઢ, પંજાબ, હિમાચલ અને રાજસ્થાનમાં આ પ્રકારનાં પગલાં લેવાઈ ચૂક્યાં છે.

- **આર. સેશાસાઈ ઇન્ફોસિસના નોન એક્ઝિક્યુટીવ ચેરમેન નિયુક્ત**

  ઇન્ફોસિસે આર. સેશાસાઈને સંગઠનના નોન **એક્ઝિક્યુટીવ ચેરમેન** તરીકે નિયુક્ત કર્યા. કે. વી. કામથના રાજીનામું આપ્યા બાદ તેમને તત્કાલ અસરથી આ પદ સોંપવામાં આવ્યું. કે. વી. કામથે બ્રિક્સના ન્યુ ડેવલપમેંટ બેંક માટે અધ્યક્ષ તરીકે પસંદગી થવાથી આ પદેથી રાજીનામું આપ્યું છે.




www.crackgpsc.com

- **ભારત અને નેધરલેન્ડ દ્વારા દ્વિપક્ષીય સહયોગને સુનિશ્ચિત કરવા માટે સમજુતી કરાર**

ભારતની યાત્રાએ આવેલ નેધરલેન્ડના વડાપ્રધાન માર્ક રૂટેએ ભારત સાથે મળીને આતંકવાદનો સામનો કરવા માટે એક સંયુક્ત ટાસ્ક ગ્રુપ રચવાનો નિર્ણય કર્યો. બંને દેશોએ ઈન્ફ્રાસ્ટ્રકચર, રોકાણ, કૃષિ અને અક્ષય ઉર્જા ક્ષેત્રે એક બીજાના સહયોગ માટે પણ એક એક્શન પ્લાન તૈયાર કર્યો. વડાપ્રધાન મોદીએ નેધરલેન્ડના પર્યટકો માટે ઈ-વિઝા સુવિધાની પણ ઘોષણા કરી.

- **BCCIના ભ્રષ્ટાચાર વિરોધી યુનિટના અધ્યક્ષ રવિ સવાનીનું રાજીનામું**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના ભ્રષ્ટાચાર વિરોધી એકમના અધ્યક્ષ રવિ સવાનીએ આ પદેથી રાજીનામું આપ્યું. સવાનીએ વર્ષ 2012માં BCCIના ભ્રષ્ટાચાર વિરોધી એકમની રચના કરી હતી. BCCIના ભ્રષ્ટાચાર વિરોધી એકમના સલાહકાર નીરજ કુમાર, રવિ સવાનીનું સ્થાન લેશે. નીરજ કુમાર દિલ્હી પોલિસના ભૂતપૂર્વ કમિશનર છે. તેમણે વર્ષ 2013માં સ્પોટ ફિક્સિંગ પ્રકરણની તપાસની આગેવાની કરી હતી જેમાં રાજસ્થાન રોયલ્સના તત્કાલીન ખેલાડીઓ એસ. શ્રીસંત, અજીત ચંદીલા તથા અંકિત ચૌહાણની ધરપકડ થઇ હતી.

- **મહારાષ્ટ્રમાં દેશના પ્રથમ 'ઓઈલ સ્પિલ રિસ્પોન્સ સેન્ટર'નું ઉદઘાટન**

રોડ ટ્રાન્સપોર્ટ, હાઈવે અને શિપિંગ મિનિસ્ટર નીતીન ગડકરીએ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ઓઈલ સ્પિલથી સમુદ્રમાં થતું પ્રદૂષણ રોકવા માટે મહારાષ્ટ્રમાં દેશના પ્રથમ ટિયર 1 'ઓઈલ સ્પિલ રિસ્પોન્સ સેન્ટર'નું ઉદઘાટન કર્યું. આ 'ઓઈલ સ્પિલ રિસ્પોન્સ સેન્ટર' મુંબઈ પોર્ટ ટ્રસ્ટ (MPT), જવાહર લાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ (JNPT) અને ઓએનજીસીના નહાવા અને ઉરન યુનિટ ઉપરાંત મુંબઈની આસપાસના લગભગ 400 ચો. કિમી ક્ષેત્રફળ સુધી પોતાની સેવા આપશે. તે 700 ટન સુધીના ઓઈલ સ્પિલને અંકુશમાં રાખવાની ક્ષમતા ધરાવે છે. આ કેન્દ્રથી ઓઈલ લીકેજથી સમુદ્રી પર્યાવરણ અને સાર્વજનિક સ્વાસ્થ્ય પર થનાર નકારાત્મક અસરોને નિયંત્રિત કરવાનું સરળ બનશે. આ ઓએસઆરસી કુશળ અને પ્રશિક્ષિત કર્મચારીઓથી સજ્જ હશે અને 24 કલાક ઓઈલ લીકેજની પરિસ્થિતિનો સામનો કરવા સક્ષમ રહેશે. ઓઈલ સ્પિલની સ્થિતિમાં લીકેજનો સામનો કરવાની જવાબદારી સધાવ શિપિંગ લિ.ની રહેશે. વર્ષ 2011માં એમવી ચિત્રા જહાજ ડૂબવાથી ઓઈલ લીકેજને કારણે 800 મેટ્રિક ટન તેલ પ્રસર્યું હતું જેને કારણે મોટા પાયે સમુદ્ર તટ, સમુદ્રી જીવ અને પર્યાવરણને નુકસાન થયું હતું.

- **નરેન્દ્ર ભૂષણ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશનના મિશન ડિરેક્ટર નિયુક્ત**

વરિષ્ઠ આઈએએસ અધિકારી નરેન્દ્ર ભૂષણે ખાદ્ય સુરક્ષા મિશનના (એનએફએસએમ)ના મિશન ડિરેક્ટર તરીકે પદભાર સંભાળ્યો. તેઓ કૃષિ સહયોગ વિભાગમાં સંયુક્ત સચિવ પદ પર કાર્યરત છે. એનએફએસએમની શરૂઆત ઓક્ટોબર 2007માં થઇ હતી. તેણે 12મી પંચવર્ષીય યોજના

www.crackgpsc.com

(2012-17) દરમ્યાન 25 મિલિયન ટનથી વધુ ખાદ્યાન્ન ઉત્પાદનની પરિકલ્પના પ્રસ્તુત કરી છે.

- **ટોમ વોન બોંસડોર્ફ વોલ્વો ઓટો ઇંડિયાના મેનેજિંગ ડિરેક્ટર નિયુક્ત**

  વોલ્વો ઓટો ઇંડિયાએ ટોમ વોન બોંસડોર્ફને મેનેજિંગ **ડિરેક્ટર** નિયુક્ત કર્યા. વોલ્વો ગ્રુપ એક સ્વીડીશ બહુરાષ્ટ્રીય નિર્માણ કંપની છે. તેનું હેડ ક્વાર્ટર ગોટેબોર્ગમાં સ્થિત છે. આ કંપની ટ્રક્સ અને બસોના ઉત્પાદન અને વિતરણ અને તેનાથી સંબંધિત ઉપકરણોનું નિર્માણ કરે છે.

- **રાષ્ટ્રીય સ્તરે જળ ક્રાંતિ અભિયાનનો શુભારંભ**

  જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ મંત્રી ઉમા ભારતીએ રાજસ્થાનના જયપુરથી રાષ્ટ્રીય સ્તરે જળ ક્રાંતિ અભિયાનનો શુભારંભ કર્યો. આ અભિયાનનો હેતુ બિનઉપયોગી જળને ઉપયોગી બનાવવાનો, ભૂજળ સ્તરને વધારવાનો, પરંપરાગત જળસ્ત્રોતોને પુનર્જીવિત કરવાનો અને સિચાઈ જળ વ્યવસ્થાનો છે. પાયલોટ પ્રોજેક્ટ હેઠળ દેશના 762 જીલ્લાઓમાં એક-એક જળ ગ્રામ પસંદ કરવામાં આવનાર છે. એટલુ જ નહિ પાણી પ્રત્યે જનજાગૃતિ લાવવા માટે જળ મિત્ર બનાવવામાં આવશે, તેમને તાલીમ આપવામાં આવશે.

- **દિલ્હી સરકારે યાંત્રિક રૂપે માર્ગ સાફ કરવાના મશીનનું ઉદઘાટન કર્યું**

  દિલ્હીના મુખ્ય મંત્રી અરવિંદ કેજરીવાલે વાયુ પ્રદુષણને નિયંત્રિત કરવા અને શહેરને સાફ રાખવા માટે દિલ્હીના કાલી બાડી માર્ગ પર યાંત્રિક રૂપે માર્ગ સાફ કરવાના મશીનનું ઉદઘાટન કર્યું. આ મશીનોની ગતિ 5-10 કિમી./કલાક છે અને તે 30 કિમી અંતર એક દિવસમાં કાપી શકે છે. મશીનો મુખ્યત્વે રાત પાળીમાં કામ કરશે. આ મશીનોના ઉપયોગનો હેતુ દિલ્હીમાં ધૂળના કણોથી થનાર પ્રદુષણને ઘટાડવાનો છે, જે દિલ્હીના પર્યાવરણના પ્રદુષણનું મુખ્ય કારણ છે.

- **કેન્દ્ર સરકાર દ્વારા મેગી વિરુદ્ધ ફરિયાદ**

  કેન્દ્ર સરકાર દ્વારા નેસ્લે કંપનીની બ્રાન્ડ મેગી વિરુદ્ધ કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટની કલમ 12(1)(ડી) હેઠળ ફરિયાદ. કેન્દ્ર સરકારે આ ધારા અંતર્ગત પાછલા ત્રણ દાયકા બાદ પ્રથમ વખત કોઈ ફરિયાદ નોંધાવી. સરકારે મેગીમાં નક્કી કરેલ માપદંડો કરતાં વધુ પડતુ લીડ તથા ગ્લુટામેટ (એમએસજી) મળી આવતાં આ નિર્ણય લીધો. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગની સંસ્થાની તપાસમાં મેગીમાં 9 પ્રકારના હાનિકારક પદાર્થ મળી આવ્યા છે.

**એમએસજી**

એમએસજી એક પ્રકારનો એમિનો એસિડ હોય છે જે ઘણા ખાદ્ય પદાર્થોમાં પ્રાકૃતિક રીતે હાજર હોય છે જેમ કે મશરૂમ, ટામેટા, ચોખા અને સરકો. એમએસજીને ગ્લુટામેટ એસિડથી આર્ટીફીસીયલ રીતે બનાવવામાં આવે છે. ગ્લુટામેટ આપણા શરીરમાં કુદરતી રીતે હાજર હોય

www.crackgpsc.com

છે. ગ્લુટામેટની માત્રા વધી જવાથી ન્યુરોન કોશિકાઓ નાશ પામે છે. એમએસજીવાળો ખોરાક ખાવાથી શરીરમાં તેની માત્રા 20 ગણી વધી શકે છે જે કોશિકાઓને નુકસાન કરી શકે છે.

**કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ 1986ની કલમ 12(1)(ડી):**

તે સરકારને કન્ઝ્યુમર્સના અધિકારોના રક્ષણ માટે યોગ્ય પગલાં લેવાનો અધિકાર આપે છે. તે અનુસાર કોઈ કંપની દ્વારા વેચાયેલ માલ, વેચવા માટે કરેલ કરાર અથવા ડીલીવરી કરેલ સામાનમાં ફરિયાદ મળવાથી કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર જીલ્લા કાર્યાલય સમક્ષ ફરિયાદ નોંધાવી શકે છે.

- **પ્રથમ જન ઔષધિ જેનેરિક ડ્રગ સ્ટોરનું ઉદઘાટન કરવામાં આવ્યું**

  રસાયણ અને ખાતર રાજ્ય મંત્રી હંસરાજ ગંગારામ આહીરે નવી દિલ્હી સ્થિત આઈએમએ હાઉસમાં પ્રથમ જન ઔષધિ જેનેરિક ડ્રગ સ્ટોરનું ઉદઘાટન કર્યું. આમાં બજાર કિંમત કરતાં 10 થી 20% ઓછી કિંમતે 118 થી વધુ સામાન્ય રીતે વપરાતી દવાઓ ઉપલબ્ધ થશે. જન ઔષધિના લગભગ 1000 સ્ટોર ખોલવામાં આવશે.

  **જન ઔષધિ અભિયાન**

  જન ઔષધિ અભિયાન બધા માટે ગુણવત્તાયુક્ત ચિકિત્સા અને સ્વાસ્થ્ય સાર સંભાળ માટે ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે રસાયણ અને ખાતર વિભાગ દ્વારા 23 અપ્રિલ 2008 ના શરુ કરવામાં આવ્યું હતું.

- **રિલાયન્સ પાવરે પાવર પ્લાન્ટ લગાવવા બાંગ્લાદેશ સાથે કરાર કર્યા**

  અંબાણી ગૃપની કંપની રિલાયન્સ પાવરે 3000 મેગાવોટનો પાવર પ્લાન્ટ લગાવવા માટે બાંગ્લાદેશની સરકાર સાથે કરાર કર્યા. આ કરાર અંતર્ગત રિલાયન્સ પાવર LNG આધારિત પાવર પ્લાન્ટ અને LNG ટર્મિનલ લગાવશે.

- **ચીનની લીયુ હોંગે 20 કિમી વોક રેસમાં વિશ્વ રેકોર્ડ બનાવ્યો**

  ચીનની દોડવીર લીયુ હોંગે ઇન્ટરનેશનલ એસોસિએશન ઓફ એથ્લેટિકસ દ્વારા આયોજિત 20 કિમી વોક રેસમાં લા કોરુનામાં વિશ્વ રેકોર્ડ બનાવ્યો. લિયુએ 1 કલાક 24 મિનિટ અને 38 સેકન્ડમાં રેસ પૂરી કરીને આ રેકોર્ડ બનાવ્યો.

- **રાહુલ દ્રાવિડ ભારતની અન્ડર 19 અને ભારત એ ટીમના કોચ નિયુક્ત**

  BCCI દ્વારા પૂર્વ ભારતીય કેપ્ટન રાહુલ દ્રવિડને ભારતની અન્ડર 19 અને ભારત એ ટીમના કોચ નિયુક્ત કરવામાં આવ્યા.

www.crackgpsc.com

- **અમિતાભ ઘોષની નવલકથા 'ફ્રૂડ ઓફ ફાયર'નું વિમોચન**

  બુકર પુરસ્કારથી સન્માનિત અમિતાભ ઘોષે પોતાની નવી નવલકથા 'ફ્રૂડ ઓફ ફાયર'નું વિમોચન કર્યું. આ નવલકથા પહેલા અફીણ યુદ્ધની (1839-42) મુખ્ય ઘટનાઓ પર આધારિત છે.

- **બાર્સિલોનાએ યુએફા ચેમ્પીયન્સ લીગ ખિતાબ જીત્યો**

  સ્પેનની ફૂટબોલ ક્લબ બાર્સિલોનાએ 2015નો યુએફા ચેમ્પીયન્સ લીગ ખિતાબ જીત્યો. આ સાથે જ બાર્સિલોના બીજી વખત એક જ સત્રમાં ત્રણ ખિતાબ (લા ગીગા, કિંગ્સ કપ, યુરોપિયન ચેમ્પિયન્સ લીગ) જીતનારી પહેલી ટીમ બની ગઈ. સૌથી વધુ 10 વાર ચેમ્પિયન્સ લીગ જીતવાનો રેકોર્ડ સ્પેનના રિયલ મેડ્રીડ ક્લબના નામે છે.

- **ટીંટુ લુકાએ 21મી એશિયાઈ એથ્લેટિક્સ ચેમ્પીયનશીપમાં સુવર્ણચંદ્રક જીત્યો**

  ભારતીય એથ્લેટિક્સ ખેલાડી ટીંટુ લુકાએ 800 મીટર દોડમાં અવ્વલ રહીને વુહાનમાં આયોજિત 21મી એશિયાઈ એથ્લેટિક્સ ચેમ્પીયનશીપમાં સુવર્ણચંદ્રક જીત્યો.

- **ભારતીય મૂળના અંશુ જૈને ડોએચ બેંકના કો-સીઈઓ પદેથી રાજીનામું આપ્યું**

  ભારતીય મૂળના અંશુ જૈને જર્મનીની ડોએચ બેંકના કો-સીઈઓ પદેથી રાજીનામું આપ્યું. જૈન પાછલાં 20 વર્ષોથી આ બેંકમાં કાર્યરત હતા. ડોએચ બેંકે જૈનના સ્થાને જોન ક્રાયનની નિમણુક કરી.

- **ફ્રેન્ચ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ 2015ના વિજેતા :**
  - **મહિલા એકલ વર્ગ**

    સેરેના વિલિયમ્સ
  - **પુરુષ એકલ વર્ગ**

    સ્ટેનિસલાસ વાવરિન્કા
  - **મહિલા યુગલ વર્ગ**

    બેથાની મટેક સેન્ડસ અને લુસી સાફારોવા
  - **પુરુષ યુગલ વર્ગ**

    ઇવાન ડોડિજ અને માર્સેલો મેલો




- **ઇન્ડોનેશિયા ઓપન બેડમિન્ટન સુપર સીરીજ**

  જાપાનના કેન્ટો મોમોટા અને થાઇલેન્ડની રેચનોક ઇન્થેનને ઇન્ડોનેશિયા ઓપન સુપર સીરીજ

પ્રીમિયર બેડમિન્ટન ટુર્નામેન્ટના ક્રમશઃ પુરુષ અને મહિલા એકલના ખિતાબ જીત્યા. પુરુષ યુગલનો ખિતાબ કો સુંગ હ્યુન અને શિન બેક ચોઈલે, જ્યારે મહિલા યુગલનો ખિતાબ ચીનની જૂ ચેન અને મા જીનની જોડીએ જીત્યો.

- **આર. સી. તાયલ NSG ના ડિરેક્ટર જનરલ નિયુક્ત**

  આર. સી. તાયલને NSG ના ડિરેક્ટર જનરલ તરીકે નિયુક્ત કરાયા. NSG (National Security Guard)ની સ્થાપના 1986માં કરવામાં આવી હતી. તેનો ઉપયોગ મુખ્યત્વે આંતકવાદ વિરોધી ગતિવિધિઓ માટે કરવામાં આવે છે. NSG ના સદસ્યોને બ્લેક કેટ નામથી પણ ઓળખવામાં આવે છે.

- **દિવાકર ગુપ્તા એશિયન વિકાસ બેંકના ઉપાધ્યક્ષ નિયુક્ત**

  એશિયન ડેવલપમેન્ટ બેંકે દિવાકર ગુપ્તાને ખાનગી ક્ષેત્ર તથા કો-ફાઇનાન્સિંગ ઓપરેશન્સના ઉપાધ્યક્ષ નિયુક્ત કર્યા. ગુપ્તા આ પહેલાં દેશની સૌથી મોટી કોમર્સિઅલ બેંક સ્ટેટ બેંકના MD તથા ચીફ ફાઇનાન્સિયલ ઓફિસર રહી ચુક્યા છે.

- **લુઇસ હેમિલ્ટન ચોથી વખત કેનેડા ગ્રાં. પ્રી.ના વિજેતા**

  લુઇસ હેમિલ્ટે કેનેડા ગ્રાં. પ્રી.માં પ્રથમ સ્થાન મેળવીને જીત મેળવી. આ રેસમાં રોઝબર્ગ બીજા સ્થાને રહ્યા.

- **ઇન્ટરનેશનલ ઇન્ડિયન ફિલ્મ એકેડમી એવોર્ડ (IIFA) 2015**
  - સર્વશ્રેષ્ઠ ફિલ્મ – ક્વીન
  - સર્વશ્રેષ્ઠ નિર્દેશક – રાજકુમાર હીરાની (પી.કે.)
  - સર્વશ્રેષ્ઠ અભિનેતા – શાહિદ કપૂર (હૈદર)
  - સર્વશ્રેષ્ઠ અભિનેત્રી – કંગના રાણાવત (ક્વીન)
  - સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેત્રી – તબ્બુ (હૈદર)
  - સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેતા – રીતેશ દેશમુખ (એક વિલન)
  - સર્વશ્રેષ્ઠ હાસ્ય અભિનેતા – વરુણ ધવન (મૈ તેરા હીરો)
  - સર્વશ્રેષ્ઠ ખલનાયક – કે. કે. મેનન (હૈદર)
  - સર્વશ્રેષ્ઠ પટકથા – ક્વીન (વિકાસ બહલ)
  - નવા નિર્દેશક – સાજીદ નડિયાદવાલા (કિક)



- **કે. વી. ચૌધરી ચીફ વિજીલન્સ કમિશનર નિયુક્ત**

  કેન્દ્ર સરકારે કે. વી. ચૌધરીને ચીફ વિજીલન્સ કમિશનર નિયુક્ત કર્યા. કે. વી. ચૌધરીની નિમણુકથી સરકારે પ્રથમ વાર ભ્રષ્ટાચાર વિરોધી આ કમિશનના પ્રમુખ પદે આઈએએસ અધિકારીને નીમવાની પરંપરા તોડીને આઈઆરએસ અધિકારીને નિયુક્ત કરવાની પહેલ કરી. ચીફ વિજીલન્સ કમિશનર પદની રચના વર્ષ 1964માં કરવામાં આવી હતી.

- **વિજય શર્મા ચીફ ઇન્ફોર્મેશન કમિશનર નિયુક્ત**

  કેન્દ્ર સરકારે વિજય શર્માને ચીફ ઇન્ફોર્મેશન કમિશનર તરીકે નિયુક્ત કર્યા. આ પહેલાં તેઓ ઇન્ફોર્મેશન કમિશનર હતા. વિજય શર્મા 1997માં ક્યોટો પ્રોટોકોલના જન્મદાતાઓમાંથી એક છે. આ પ્રોટોકોલને વિકાસશીલ દેશોના પક્ષમાં તૈયાર કરવા પાછળ વિજય શર્માનો હાથ માનવામાં આવે છે. તેઓ જયારે ઇન્ફોર્મેશન કમિશનર હતા ત્યારે તેમના નામે દર મહિને 279 કેસ ઉકેલવાનો રેકોર્ડ છે.

- **દિલ્હીના કાનુન મંત્રી જીતેન્દ્રસિંહ તોમરે રાજીનામું આપ્યું**

  દિલ્હી સરકારના કાયદા મંત્રી જીતેન્દ્ર સિંહ તોમરે રાજીનામું આપ્યું. તેમની નકલી શૈક્ષણિક પ્રમાણપત્ર રજુ કરવાના આરોપસર દિલ્હી પોલિસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ભાગલપુર યુનિવર્સીટી અનુસાર તોમરની એલએલબી ડિગ્રી તેમણે ઇસ્યુ નથી કરી.

- **નવા ત્રણ જીલ્લા રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં સામેલ**

  હરિયાણાના જિન્દ, કરનાલ અને ઉત્તર પ્રદેશના મુજફ્ફરનગર જીલ્લાને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (એનસીઆર)માં સામેલ કરવામાં આવ્યા. આ સાથે એનસીઆરમાં હવે દિલ્હી સિવાય કુલ જીલ્લાઓની સંખ્યા 22 થઇ ગઈ.

- **એમ. કે. શર્મા ICICI બેંકના નવા નોન- એક્ઝિક્યુટીવ અધ્યક્ષ નિયુક્ત**

  એમ. કે. શર્મા ICICI બેંકના નવા નોન- એક્ઝિક્યુટીવ અધ્યક્ષ નિયુક્ત. તેઓ કે. વી. કામથનું સ્થાન લેશે. શર્મા હિન્દુસ્તાન યુનિલીવરના પૂર્વ ઉપાધ્યક્ષ રહી ચુક્યા છે. કામથને બ્રિકસ દેશો દ્વારા સ્થાપિત ન્યુ ડેવલપમેન્ટ બેંકના પ્રથમ અધ્યક્ષ નોમીનેટ થયા બાદ તેમણે ICICI બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી રાજીનામું આપી દીધું.

- **એએમસી દ્વારા સાર્વજનિક શૌચાલયનો ઉપયોગ કરવા બદલ પેમેન્ટ આપવાની ઘોષણા**

  અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)એ યુઝ એન્ડ ગેટ પેઈડ યોજનાની ઘોષણા કરી, જે મુજબ લોકોને સાર્વજનિક શૌચાલયનો ઉપયોગ કરવા બદલ એક રૂપિયાની ચુકવણી કરવામાં આવશે. આનાથી ખુલ્લામાં શૌચની પ્રથાને બંધ કરવા અને શહેરને સાફ રાખવામાં મદદ મળશે.

www.crackgpsc.com

આ યોજના સૌપ્રથમ નેપાળના કાઠમંડુ શહેરના દરેચોકમાં અપનાવવામાં આવી હતી. ત્યાં આ ઘણી સફળ થઇ હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરના 120 સ્થાનોની પરખ કર્યા બાદ આ યોજનાની શરુઆત કરી. શરૂઆતી ચરણમાં આ યોજનાને 67 સાર્વજનિક શૌચાલયોમાં લાગુ કરવામાં આવશે. યોજના સફળ થશે તો તેને બાકીના સાર્વજનિક શૌચાલયોમાં પણ લાગુ કરવામાં આવશે.

- **ભારતીય બાસ્કેટબોલ પ્લેયર્સ એસોસીએશનની રચના**

ભારતીય બાસ્કેટબોલ પ્લેયર્સ એસોસીએશને (IBPA) નવી દિલ્હીના ઇન્ડિયન મેડિકલ એસોસીએશનમાં પ્રથમ બેઠકની સાથે જ સત્તાવાર રીતે પોતાનું કાર્ય શરુ કરી દીધું.

- અધ્યક્ષ – સજ્જનસિંહ (અર્જુન પુરસ્કાર વિજેતા)
- મહાસચિવ – પૂર્વ બાસ્કેટબોલ ખેલાડી જયશંકર મેનન
- કોષાધ્યક્ષ – અશોક શર્મા રાષ્ટ્રીય ખેલાડી અને ફીબાના કમિશ્નર
- ચેરમેન – અબ્બાસ મોનટેસાર
- વાઈસ-ચેરમેન – મનમોહનસિંહ અને સુમન શર્મા

- **15 દિવસો માટે મંગલયાનનો ધરતીથી સંપર્ક તુટ્યો**

મંગળ ગ્રહનું ચક્કર લગાવી રહેલું દેશનું પહેલું આંતરગ્રહીય મિશન મંગલયાન 8 જુનથી 15 દિવસ માટે બ્લેકઆઉટમાં ચાલ્યું ગયું. આ દરમિયાન મંગલયાનનો ધરતીથી સંપર્ક તુટ્યો. 8 જૂનથી 22 જૂન સુધી મંગળ અને પૃથ્વી વચ્ચે સૂર્ય આવી જવાના કારણે આવું બન્યું. આ દરમિયાન મંગલયાન સ્વચાલિત મોડ પર રહ્યું.

- **41મુ G 7 શિખર સંમેલન જર્મનીમાં સંપન્ન**

વિશ્વના સાત ઔદ્યોગિક દેશોનું 41મુ G 7 શિખર સંમેલન જર્મનીના અલમુમાં સંપન્ન થયું. G 7માં કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઇટલી, જાપાન, બ્રિટન અને અમેરિકા સામેલ છે. સંમેલનમાં પૂર્વ યુક્રેનમાં થનાર તોફાનો અને રશિયાની ભૂમિકા, મધ્ય પૂર્વની સમસ્યાઓ, યુનાનનું દેવું અને ઇસ્લામી ગણતંત્ર ઈરાનનો પરમાણુ મુદ્દો સંમેલનના એજન્ડામાં સામેલ મુખ્ય વિષયો હતા. આ સાથે જ પૃથ્વીના વધતા તાપમાનને કારણે જળવાયુમાં પરિવર્તન પણ આ સંમેલનમાં ચર્ચાનો વિષય બન્યો હતો. વર્ષ 2016નું G 7 સંમેલન જાપાનમાં યોજાશે.

G 7:

તેની સ્થાપના વર્ષ 1975માં આર્થિક રીતે સમૃદ્ધ છ દેશો (ફ્રાન્સ, જર્મની, ઇટલી, જાપાન, બ્રિટન અને અમેરિકા)એ કરી હતી. વર્ષ 1976માં આમાં કેનેડા પણ સામેલ થઇ ગયું. વર્ષ 1998માં

www.crackgpsc.com

રશિયા પણ તેમાં સામેલ થયું. આ દેશો સિવાય યુરોપિયન પંચ (European Commi ion)ના અધ્યક્ષને પણ શિખર સંમેલનમાં સામેલ કરવામાં આવે છે. 2014 સુધી આ સંગઠનને G 8ના નામથી ઓળખવામાં આવતું હતું. કારણ કે, રશિયા આ સંગઠનનું સભ્ય હતું. પરંતુ 2014માં રશિયા દ્વારા બળજબરીથી ક્રીમિયા પર કબજો કરાયા બાદ તેને સંગઠનથી બહાર કાઢવાથી સંગઠનનું નામ G 7 કરી દેવામાં આવ્યું.

- **ભારત અને બાંગ્લાદેશે 22 દ્વિપક્ષીય કરારો પર હસ્તાક્ષર કર્યા**

ભારત અને બાંગ્લાદેશે ઢાકામાં 22 દ્વિપક્ષીય સમજુતી કરારો પર હસ્તાક્ષર કર્યા, જેમાં સામુદ્રિક સંરક્ષણ ક્ષેત્રે સહયોગ તથા માનવ તસ્કરી અને નકલી ભારતીય ચલણી નોટોનો પ્રસાર રોકવા માટેના કરારો સામેલ છે. ભારત દ્વારા બાંગ્લાદેશને 2 અબજ ડોલરની (12600 કરોડ રૂ.) લોન આપવાની ઘોષણા કરવામાં આવી. બંને વચ્ચે ઢાકા-શિલોંગ-ગુવાહાટી બસ સેવા અને કોલકાતા-ઢાકા-અગરતલા બસ સેવા માટે કરાર થયા. બાંગ્લાદેશના રાજશાહી વિશ્વવિદ્યાલય અને ભારતના જામિયા મિલિયા ઇસ્લામિયા વિશ્વવિદ્યાલય વચ્ચે સમજુતી થઇ. આ ઉપરાંત ભારત અને બાંગ્લાદેશે ભૂમિ સીમા સમજુતી (LBA) સંબંધિત દસ્તાવેજોનું આદાનપ્રદાન કર્યું. જે મુજબ 41 વર્ષ જુના સીમા વિવાદનું સમાધાન થશે, જેના દ્વારા એક બીજાના ક્ષેત્રોનું આદાનપ્રદાન થશે. સમજુતી મુજબ 111 સીમાવર્તી એન્ક્લેવ બાંગ્લાદેશને મળશે જયારે બદલામાં 51 એન્ક્લેવ ભારતનો હિસ્સો બનશે.

- **અટલ બિહારી વાજપાઇ 'ફ્રેન્ડ્સ ઓફ બાંગ્લાદેશ લિબરેશન વોર એવોર્ડ'થી સન્માનિત**

બાંગ્લાદેશે ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઇને 'ફ્રેન્ડ્સ ઓફ બાંગ્લાદેશ લિબરેશન વોર એવોર્ડ'થી સન્માનિત કર્યા. ઈ.સ. 1971માં બાંગ્લાદેશને પાકિસ્તાનથી મુક્ત કરાવવામાં ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઇના અમુલ્ય યોગદાન માટે તેમને સન્માનિત કરાયા. બાંગ્લાદેશના સ્વતંત્રતા સંગ્રામમાં વાજપાઇના નેતૃત્વમાં ભારતીય જનસંઘે મુક્તિ સંગ્રામના સમર્થનમાં સત્યાગ્રહ આયોજિત કર્યો હતો. તે સમયે વાજપાઇ લોકસભાના સભ્ય હતા.

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams
www.crackgpsc.com

- **અરબ સાગરમાં આવ્યું ચક્રવાતી તોફાન અશોબા**

  અરબ સાગરમાં ઉદભવેલ ખુબજ ઓછા દબાણ વાળા ક્ષેત્રએ ચક્રવાતી તોફાનનું રૂપ લઇ લીધું જેને અશોબા નામ આપવામાં આવ્યું. અશોબા નામ શ્રીલંકાએ આપ્યું હતું. દરેક દેશ વારાફરતી તોફાનનું નામ રાખે છે. આ અગાઉ પાકિસ્તાને ચક્રવાતી તોફાનનું નામ નીલોફર આપ્યું હતું. વર્ષ 2004થી હિંદ મહાસાગરમાં આવનાર તોફાનોનાં નામ બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા અને થાઈલેન્ડ આપી રહ્યા છે. અશોબા બાદ જે પણ ચક્રવાતી તોફાન આ ક્ષેત્રમાં આવશે, તેનું નામ કોમન હશે. આ નામ થાઈલેન્ડે આપ્યું છે.

- **ભારતીય સેનાએ મ્યાનમાર સીમામાં ઘૂસીને ઉગ્રવાદીઓ વિરુદ્ધ કાર્યવાહી કરી**

  ભારતીય સેનાએ મ્યાનમાર સીમામાં ઘૂસીને મણિપુર હુમલામાં સામેલ ઉગ્રવાદીઓ વિરુદ્ધ કાર્યવાહી કરી. આ કાર્યવાહીમાં સેનાએ MI-17 હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો. આ પહેલાં વર્ષ 2003માં ભારતીય સેનાએ આવું ઓપરેશન ભૂટાન સીમામાં ઘૂસીને 'ઉલ્ફા'ના આતંકવાદીઓ વિરુદ્ધ કર્યું હતું.

- **ભારતનો આર્થિક વૃદ્ધિ દર 7.5% રહેવાનું અનુમાન: વિશ્વ બેંક**

  વિશ્વ બેંક દ્વારા ભારતનો આર્થિક વૃદ્ધિ દર વર્ષ 2015માં 7.5% રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો. આ સાથે જ વિશ્વ બેંકે કહ્યું કે ભારતનો આર્થિક વૃદ્ધિ દર વર્ષ 2015માં ચીનથી આગળ થઇ જશે.

- **કેન્દ્ર સરકારે 4470 બિનસરકારી સંસ્થાઓનાં લાયસન્સ રદ કર્યાં**

  કેન્દ્ર સરકારે શંકાસ્પદ બિનસરકારી સંસ્થાઓ વિરુદ્ધ કાર્યવાહી કરીને 4470 બિન સરકારી સંસ્થાઓનાં લાયસન્સ રદ કરી દીધાં. આથી હવે તેઓ વિદેશી ભંડોળ મેળવી શકશે નહિ.

- **શશિ શેખર 'જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ' મંત્રાલયમાં સચિવ નિયુક્ત**

  રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ શશિ શેખરને જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ મંત્રાલયમાં સચિવ નિયુક્ત કર્યા.

- **પીવીઆરે ડીટી સિનેમાઝનું અધિગ્રહણ કર્યું**

  પીવીઆર સિનેમાઝે ડીએલએફ (ડેલ્હી લેન્ડ એન્ડ ફાયનાન્સ) લિ.ના યુનિટ ડીટી સિનેમાઝનું 500 કરોડમાં અધિગ્રહણ કરવાની ઘોષણા કરી.

- **શાહરૂખખાને સીપીએલની ટી20 ટીમ ટ્રીનીદાદ એન્ડ ટોબેગોને ખરીદી**

  કોલકાતા નાઈટ રાઈડર્સના (કેકેઆર) માલિક શાહરૂખખાને કેરેબિયન પ્રીમીઅર લીગ (સીપીએલ)ની ટી20 ટીમ ટ્રીનીદાદ એન્ડ ટોબેગો (ટીએન્ડટી)ની ફ્રેન્ચાઇઝી ખરીદી.

- **ભારતીય મૂળના મનુ પ્રકાશે વિશ્વનું પ્રથમ પાણી પર આધારિત કોમ્પ્યુટર બનાવ્યું**

  ભારતીય મૂળના વૈજ્ઞાનિક મનુ પ્રકાશે પોતાની ટીમના સહયોગથી વિશ્વનું પ્રથમ પાણી પર આધારિત કોમ્પ્યુટર બનાવ્યું. મનુ પ્રકાશ સ્ટેનફોર્ડ યુનીવર્સીટીમાં બાયો એન્જીનિયરીંગના એક સહાયક પ્રોફેસર છે.

- **કપિલ મિશ્રા દિલ્હીના નવા કાયદા મંત્રી**

  દિલ્હી જળ બોર્ડના ઉપાધ્યક્ષ કપિલ મિશ્રાને દિલ્હીના નવા કાનુન મંત્રી નોમીનેટ કરવામાં આવ્યા. કપિલ મિશ્રાને જીતેન્દ્રસિંહ તોમરના સ્થાને દિલ્હી સરકારના નવા કાનુન મંત્રી નોમીનેટ કરવામાં આવ્યા.

- **સ્વદેશ નિર્મિત વિમાન વાહક જહાજ INS વિક્રાંતનું કોચીમાં જલાવતરણ**

  ભારતના પ્રથમ સ્વદેશ નિર્મિત વિમાન વાહક જહાજ આઈએનએસ વિક્રાંતનું કોચીમાં જલાવતરણ કરવામાં આવ્યું. આ ભારતનું પ્રથમ વિમાન વાહક જહાજ છે. આ જહાજના ઇન્ડિયન નેવિમાં સામેલ થયા બાદ ભારત વિશ્વના ચાર દેશો યુએસએ, રશિયા, બ્રિટન અને ફ્રાન્સના એવા વિશેષ સમુહમાં સામેલ થશે જેની પાસે આ પ્રકારનાં જહાજ છે.

## ➤ 3rd week

- **ફોર્બ્સ મેગેઝિને 100 ધનિક ખેલાડીઓની યાદી જાહેર કરી**

  ફોર્બ્સ મેગેઝિન દ્વારા વિશ્વના 100 ધનિક ખેલાડીઓની યાદીમાં બોક્સર ફ્લોયડ મેવેદર 300 મિલિયન ડોલર સાથે પ્રથમ ક્રમે છે. ફૂટબોલર ક્રિસ્ટીયાનો રોનાલ્ડો 79.6 મિલિયન ડોલર સાથે ત્રીજા, લિયોનેલ મેસી ચોથા, રોજર ફેડરર પાંચમા, સ્ટાર ગોલ્ફર ટાઈગર વુડ્સ 9મા સ્થાને છે. ભારતના ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોની 31 મિલિયન ડોલર સાથે 23મા સ્થાને છે. જયારે બાસ્કેટબોલ પ્લેયર જેમ્સ હાર્ડેન 100મા ક્રમે છે.

- **આફ્રિકન નેતાઓએ 26 દેશો વચ્ચે ટીએફટીએ સમજુતી કરાર પર હસ્તાક્ષર કર્યા**

  આફ્રિકન નેતાઓએ ત્રિપક્ષીય મુક્ત વેપાર ક્ષેત્ર (TFTA) સંધિ પર હસ્તાક્ષર કર્યા. આનાથી આફ્રિકાને સૌથી મોટુ મુક્ત વેપાર ક્ષેત્ર બનવામાં મદદ મળશે. ત્રિપક્ષીય મુક્ત વેપાર ક્ષેત્રનો (ટીએફટીએ) હેતુ 26 દેશો વચ્ચે એક સંયુક્ત બજાર બનાવવાનો છે.

- **એમેઝોને હૈદરાબાદમાં પોતાનું સૌથી મોટુ સંપૂર્ણતા કેન્દ્ર ખોલ્યું**

  ગ્લોબલ ઈ-કોમર્સ અને કલાઉડ સર્વિસ કંપની એમેઝોને તેલંગાણામાં હૈદરાબાદ નજીક એક

www.crackgpsc.com

સંપૂર્ણતા કેન્દ્ર (Fulfilment Centre) ખોલ્યું. સાત રાજ્યોમાં સ્થાપિત એમેઝોનનાં 10 સંપૂર્ણતા કેન્દ્રોમાંથી આ દેશનું સૌથી મોટું સેન્ટર છે. આ કેન્દ્ર પર સ્વયંસંચાલિત સાધનો (ઓટોમેટેડ રિસોર્સીસ)નો ઉપયોગ કરી કંપની સામાનને ગ્રાહકોને મોકલ્યા પહેલાં સોર્ટ કરે છે અને તેનું પેકિંગ કરે છે. કંપની અમેરિકાથી બહાર પોતાનું સૌથી મોટું વૈશ્વિક કેમ્પસ હૈદરાબાદમાં બનાવવાની પણ યોજના બનાવી રહી છે.

- **નાસાના વૈજ્ઞાનિકોએ સૌર તોફાનોની આગાહી માટે ડિવાઈસ વિકસાવ્યું**

  નાસાના વૈજ્ઞાનિકોએ સૌર તોફાનોની આગાહી કરવા માટે એક ડિવાઈસ વિકસાવ્યું. આ ઉપકરણ 24 કલાક પહેલાં સૌર તોફાનની આગાહી કરવામાં વૈજ્ઞાનિકોની મદદ કરશે.

- **એચડીએફસી બેંકે મોબાઈલ ફોન એપ્લિકેશન પેજેપ લોન્ચ કરી**

  એચડીએફસી બેંકે ઓનલાઈન પેમેન્ટ અને ફંડ ટ્રાન્સફર માટે મોબાઈલ ફોન એપ્લિકેશન પેજેપ (PayZapp) લોન્ચ કરી. આ એપ્લિકેશન ગ્રાહકોને મોબાઈલ વૉલેટ, વર્ચ્યુઅલ કાર્ડ, શોપિંગ, બીલ પેમેન્ટ, ટીકીટ બુકિંગ, મની ટ્રાન્સફર વગેરે સુવિધા પૂરી પાડશે. એચડીએફસી એપ્લિકેશન દ્વારા હોટલ બુકિંગ, ગ્રોસરીની ખરીદી, ઓનલાઈન ફિલ્મ અને એર ટિકિટ ખરીદવાની પણ સુવિધા હશે.

- **ટ્વીટર ઇન્કના CEO ડિક કોસ્ટોલોએ રાજીનામું આપવાની ઘોષણા કરી**

  ટ્વીટર ઇન્કના CEO ડિક કોસ્ટોલોએ પોતાના પદેથી રાજીનામું આપવાની ઘોષણા કરી. તેમણે પાંચ વર્ષ સુધી આ કંપનીમાં કામ કર્યું અને તેઓ 1 જુલાઈ 2015થી પોતાનું કાર્યાલય છોડશે.

- **ચીનના ભૂતપૂર્વ સુરક્ષા પ્રમુખ જો યોંગકાંગને જન્મટીપ**

  ચીનના ભૂતપૂર્વ સુરક્ષા પ્રમુખ અને સૌથી વરિષ્ઠ રાજકીય નેતા જો યોંગકાંગને ચીનની કોર્ટે ભ્રષ્ટાચારના કેસમાં જન્મટીપની સજા કરી.

- **રવિ ગરિકિપતિ ફ્લિપકાર્ટના 'એન્ટરપ્રિન્યોર ઇન રેસિડેન્સ' નિયુક્ત**

  ઈ-કોમર્સ પોર્ટલ ફ્લિપકાર્ટે રવિ ગરિકિપતિને 'એન્ટરપ્રિન્યોર ઇન રેસિડેન્સ' નિયુક્ત કર્યા. આ પદ પર રહીને તેઓ ફ્લિપકાર્ટના સંસ્થાપકો સચિન બંસલ અને બિન્ની બંસલ અને ફ્લિપકાર્ટના ઈ-કોમર્સ પ્લેટફોર્મના પ્રમુખ મુકેશ બંસલ સાથે નવા બિઝનેસ પ્રોજેક્ટ્સ પર કામ કરશે.

- **મોલ્ડોવાના વડાપ્રધાન ચિરીલ ગેબુરૂચીએ રાજીનામું આપ્યું**

  મોલ્ડોવાના વડાપ્રધાન ચિરીલ ગેબુરૂચીની હાઇસ્કુલ અને કોલેજની ડિગ્રીની સત્યતા પર પ્રશ્નો ઉઠતાં તેમણે રાજીનામું આપ્યું.

www.crackgpsc.com

- **બેનો જેફીન પ્રથમ અંધ આઈએફએસ અધિકારી નિયુક્ત**

  ચેન્નઈના એનએલ બેનો જેફીન ભારતીય વિદેશ સેવા (IFS)માં સામેલ થનાર પ્રથમ અંધ વ્યક્તિ બની ગયાં. પરીક્ષાની તૈયારી દરમ્યાન તેમણે જોબ એક્સેસ વિથ સ્પીચ (JAWS) નામના સોફ્ટવેરની મદદ લીધી હતી. આનો બ્રેઇલના સ્થાને ઉપયોગ કરવામાં આવે છે. આ સોફ્ટવેર નેત્રહીન વ્યક્તિઓને કોમ્પ્યુટર સ્ક્રીન પર વાંચવામાં મદદ કરે છે.

- **ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી શીલા કૌલનું નિધન**

  ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી શીલા કૌલનું અવસાન થઇ ગયું. પાંચ વખત સાંસદ રહેલાં શીલા વર્ષ 1991થી 1995 સુધી શહેરી વિકાસ મંત્રી તથા વર્ષ 1995થી 1996 સુધી હિમાચલ પ્રદેશનાં ગવર્નર રહ્યાં હતાં.

- **પ્રદીપકુમાર સિંહાએ કેન્દ્રીય કેબિનેટ સચિવનો પદભાર સંભાળ્યો**

  પ્રદીપકુમાર સિંહા (પી. કે. સિંહા)એ કેન્દ્રીય કેબિનેટ સચિવનો પદભાર સંભાળ્યો. તેમણે અજીતકુમાર સેઠનું સ્થાન લીધું. તેઓ આ પહેલાં કેબિનેટ સચિવાલયમાં ઓએસડી પદ પર કાર્યરત હતા.

- **રાફેલ નડાલે ત્રીજી વખત સ્ટટગાર્ટ ખિતાબ જીત્યો**

  સ્પેનિશ ટેનિસ ખેલાડી રાફેલ નડાલે ટ્રોયેકીને હરાવીને ત્રીજી વખત સ્ટટગાર્ટ ઓપન ચેમ્પિયનશિપ ખિતાબ જીત્યો. વર્ષ 2010ના વિમ્બલડન બાદ નડાલનો આ પ્રથમ ગ્રાસ કોર્ટ ખિતાબ છે.

- **કેયર્ન ઇન્ડિયા અને વેદાંતાના વિલયને મંજુરી**

  કેયર્ન ઇન્ડિયા અને વેદાંતાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે બંને કંપનીઓના વિલયની મંજુરી આપી. શેર અદલા-બદલી દ્વારા 2.3 અબજ અમેરિકન ડોલરના આ સોદાથી દેશની સૌથી મોટી વિવિધ પ્રાકૃતિક સાધનોવાળી કંપની અસ્તિત્વમાં આવશે.

- **રોહન બોપન્ના અને ફ્લોરિન મર્જિયાએ સ્ટટગાર્ટ ઓપન પુરુષ યુગલનો ખિતાબ જીત્યો**

  ભારતના રોહન બોપન્ના અને રોમાનિયાના ફ્લોરિન મર્જિયાની જોડીએ સ્ટટગાર્ટ ઓપન ટેનિસ ટુર્નામેન્ટનો પુરુષ યુગલ ખિતાબ જીત્યો.

- **નજીકની બ્લડ બેંક શોધવા માટે મોબાઈલ એપ આરંભ**

  વિશ્વ રક્તદાતા દિવસે કેન્દ્ર સરકારે મોબાઈલ બ્લડ બેંક લોકેટર એપની શરૂઆત કરી. આનાથી લોકોને દેશમાં તેમની નજીકની બ્લડ બેંક વિષે જાણકારી મેળવવાનું સરળ બનશે. આમાં દિલ્હી

www.crackgpsc.com

એનસીઆરની 76 તથા સમગ્ર દેશની 524 બ્લડ બેંકની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી છે અને બાકીની બ્લડ બેંકની માહિતી પણ જલ્દી ઉપલબ્ધ કરવામાં આવશે.

- **સ્નેપડીલે લેટ્સગોમોનું અધિગ્રહણ કર્યું**

ઈ-કોમર્સ સેક્ટરની કંપની સ્નેપડીલે પોતાના મોબાઈલ કોમર્સ બિઝનેસને મજબુત બનાવવા માટે મોબિલિટી સોલ્યુશન કંપની લેટ્સગોમો લેબ્સનું અધિગ્રહણ કર્યું. સ્નેપડીલે મે મહિનામાં હૈદરાબાદ સ્થિત એમ-કોમર્સ કંપની 'માર્ટમોબી'ને ખરીદી લીધી હતી.

- **હરિદ્વાર મેલનું નામ બદલીને યોગ એક્સપ્રેસ કરવામાં આવ્યું**

ભારતીય રેલ્વેએ ટ્રેન નંબર 19031/19032 અમદાવાદ-હરિદ્વાર મેલનું નામ બદલીને તાત્કાલિક અસરથી યોગ એક્સ્પ્રેસ કરી દીધું.

- **UAE માં ડ્રાઈવિંગ ટેસ્ટ દરમ્યાન ચાર ભારતીય ભાષાઓ સામેલ**

યુનાઇટેડ આરબ એમિરેટ્સમાં ડ્રાઈવિંગ ટેસ્ટ દરમ્યાન ચાર ભારતીય ભાષાઓ - હિન્દી, મલયાલમ, તમિલ અને બંગાળીનો સમાવેશ કરવામાં આવ્યો. તે ઉપરાંત ત્રણ અન્ય ભાષાઓ ચીની, રશિયન અને ફારસીનો સમાવેશ કરવામાં આવ્યો. હાલમાં યુએઈના આરટીએ ત્રણ ભાષાઓ અંગ્રેજી, ઉર્દૂ તથા અરબીમાં ટેસ્ટ આયોજિત કરે છે.

- **ડેન્માર્કના મોગેંસ લુકેટોફ્ટની સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના અધ્યક્ષ તરીકે પસંદગી**

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ પોતાના અધ્યક્ષ તરીકે ડેન્માર્કના મોગેંસ લુકેટોફ્ટની પસંદગી કરી. ડેન્માર્કની સંસદના સ્પીકર મોગેંસ લુકેટોફ્ટ આગામી 70મા સત્રમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની અધ્યક્ષતા કરશે. તેઓ યુગાન્ડામાં સેમ કુટેસા પછી 193 સદસ્યીય સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના અધ્યક્ષ પદનો કાર્યભાર સંભાળશે.

- **કપિલ મિશ્રા દિલ્હી જળ બોર્ડના અધ્યક્ષ નિયુક્ત**

દિલ્હીના નવા કાનુન મંત્રી કપિલ મિશ્રાને દિલ્હી જળ બોર્ડના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા. તેમણે મનીષ સિસોદિયાનું (ઉપમુખ્યમંત્રી-દિલ્હી) સ્થાન લીધું.

- **કેન્દ્ર સરકારે એઇડ્સ દવાઓ પર આયાત ટેરિફ સમાપ્ત કરી**

કેન્દ્ર સરકારે એઇડ્સના ઈલાજ માટેની દવાઓ તથા ટેસ્ટ કીટ પર લાદવામાં આવતી આયાત ટેરિફ સમાપ્ત કરી દીધી. આ છૂટ માર્ચ 2016 સુધી અમલમાં રહેશે. આ નિર્ણય દેશમાં એચઆઈવી/એઇડ્સની દવાઓની કમી તથા તેની ઊંચી કિંમતોને નિયંત્રણમાં લાવવા માટે લેવામાં આવ્યો છે.

www.crackgpsc.com

- **બ્રિટનના મેગ્નાકાર્ટાની 800મી જન્મતિથિ ઉજવાઈ**

બ્રિટને 15 જુન 2015ના રોજ 'મેગ્ના કાર્ટા' (સ્વતંત્રતાનો અધિકાર પત્ર / મહાન ચાર્ટર)ની 800મી વર્ષગાંઠ ઉજવી. ઇંગ્લેન્ડના તત્કાલીન રાજા જોન અને તેમના સામંતો વચ્ચેની સમજુતીના આ દસ્તાવેજ પર 15 જૂન, 1215ના રોજ હસ્તાક્ષર થયા હતા. મેગ્નાકાર્ટા (Magna Carta)ને બ્રિટનના ડેમોક્રેટિક લો અને બંધારણીય વ્યવસ્થાનો આધાર માનવામાં આવે છે. આ ચાર્ટર અનુસાર પ્રથમ વખત રાજાને કાયદાની મર્યાદામાં લાવવામાં આવ્યા અને કહેવામાં આવ્યું કે 'બધા મનુષ્યો સમાન છે'. આ લેટિન ભાષામાં લખવામાં આવ્યું હતું.

- **સુનીલ છેત્રી 50 આંતરરાષ્ટ્રીય ગોલ કરનાર પ્રથમ ભારતીય ફૂટબોલર બન્યા**

સુનીલ છેત્રી 50 આંતરરાષ્ટ્રીય ગોલ કરનાર પ્રથમ ભારતીય ફૂટબોલર બન્યા. બાઈચુંગ ભૂટિયા 47 ગોલ સાથે બીજા સ્થાને છે.

- **આર્કિટેક્ટ ચાર્લ્સ કોરિયાનું નિધન**

ભારતના પ્રસિદ્ધ આર્કિટેક્ટ ચાર્લ્સ કોરિયાનું અવસાન થયું. તેમણે ભારતમાં ઘણી મહત્વની ઈમારતોની ડિઝાઇન તૈયાર કરી છે. 28 વર્ષની ઉંમરે તેમણે સાબરમતી સ્થિત ગાંધી મેમોરિયલની ડિઝાઇન કરી હતી. કોરિયાએ ભોપાલમાં ભારત ભવન અને વિધાનસભાને આકાર આપ્યો.

- **કૈલાસ-માનસરોવરના યાત્રાળુઓ માટે નાથુલા પાસ 53 વર્ષ બાદ ફરીથી ખુલ્યો**

ભારત તરફથી કૈલાસ-માનસરોવરની યાત્રા કરનાર પ્રવાસીઓ માટે નાથુલા પાસ (સિક્કિમ) 53 વર્ષ બાદ ફરીથી ખોલવામાં આવ્યો. માનસરોવર તિબેટના દક્ષિણ-પશ્ચિમી ખૂણામાં આવેલ છે. આ સંપૂર્ણ ક્ષેત્ર ચીની ગણરાજ્યની અંદર એક સ્વાયત્ત ક્ષેત્ર છે. 1962ના ભારત-ચીન યુદ્ધ બાદ આ રસ્તાને ચીન દ્વારા બંધ કરવામાં આવ્યો હતો. આ રસ્તો પ્રાચીન સિલ્ક રૂટનો હિસ્સો રહેલ છે. આ રસ્તો વેપાર માટે વર્ષ 2006માં ખોલી દેવામાં આવ્યો હતો.

- **એશિયન ફૂટબોલ કોન્ફેડરેશન જનરલ સેક્રેટરી એલેક્સ સુસેએ રાજીનામું આપ્યું**

એશિયન ફૂટબોલ કોન્ફેડરેશન જનરલ સેક્રેટરી એલેક્સ સુસેએ રાજીનામું આપ્યું. સુસે છેલ્લા 20 વર્ષથી આ સંસ્થા સાથે જોડાયેલ હતા તથા ક્ષેત્રીય ગવર્નિંગ બોડીમાં કાર્યરત રહ્યા.

- **અર્ચના રામાસુંદરમ નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના ડિરેક્ટર પદે નિયુક્ત**

અર્ચના રામાસુંદરમને નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો, નવી દિલ્હીના ડિરેક્ટર નિયુક્ત કરવામાં આવ્યા.

www.crackgpsc.com

- **બાબુશા કોહલી અને ઉપાસનાને ભારતીય જ્ઞાનપીઠનો 10મો 'નવલેખન પુરસ્કાર'**

  યુવા હિન્દી કવયિત્રી બાબુશા કોહલી (મધ્યપ્રદેશ) અને ઉપાસના (બિહાર)ને ભારતીય જ્ઞાનપીઠનો 10મો 'નવલેખન પુરસ્કાર' મળ્યો. બાબુશા કોહલીને તેમની કવિતા વિધા માટે તેમની પાંડુલિપિ 'પ્રેમ ગિલહરી દિલ અખરોટ'ને નવલેખન પુરસ્કાર આપવામાં આવ્યો અને યુવા વાર્તાકાર ઉપાસનાને તેમની વાર્તા વિધા માટે તેમની પાંડુલિપિ 'એક જિંદગી એક એક સ્ક્રીપ્ટ ભર'ને પુરસ્કૃત કરવામાં આવી.

- **2022 સુધી તમામ માટે આવાસ યોજના શરુ કરવાની મંજુરી**

  કેન્દ્રીય મંત્રીમંડળે 2022 સુધી બધા માટે આવાસ યોજના શરુ કરવાની મંજુરી આપી. આનો હેતુ શહેરી ક્ષેત્રોના દરેક યોગ્ય લોકોને વર્ષ 2022 સુધી આવાસ સુવિધા ઉપલબ્ધ કરાવવાનો અને સાર્વજનિક તથા ખાનગી ક્ષેત્રની ભાગીદારીથી શહેરી ક્ષેત્રોમાં લોન સંબંધી સબસીડી દ્વારા નબળા વર્ગના લોકો માટે સસ્તા મકાનોને પ્રોત્સાહન આપવાનો છે.

- **જાપાનમાં મતદાનની ઉંમર 20 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવા માટે વિધેયક પસાર**

  જાપાનની પાર્લામેન્ટે (ડાઈટ) મતદાનની ઉંપર 20 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવા માટે વિધેયક પસાર કર્યું. છેલ્લી વખત જાપાને દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વર્ષ 1945માં મતદાનની ઉંમર 25થી ઘટાડીને 20 વર્ષ કરી હતી તથા મહિલાઓને પણ મતદાનનો અધિકાર આપ્યો હતો.

- **દુકાળગ્રસ્ત ક્ષેત્રોમાં મનરેગા યોજના હેઠળ કાર્ય દિવસોની સંખ્યામાં વૃદ્ધિ**

  એનડીએ સરકારે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) હેઠળ દુકાળગ્રસ્ત ક્ષેત્રોમાં કામ કરવાના દિવસો 100થી વધારીને 150 કરવાનો નિર્ણય લીધો. મનરેગાની શરૂઆત વર્ષ 2009માં ભારતના ગ્રામીણ પરિવારોને 100 દિવસનું કામ પૂરું પાડવાના હેતુથી કરવામાં આવી હતી. વધારાના 50 દિવસોના રોજગારને બદલે આપવામાં આવનાર મહેનતાણાનો ખર્ચો કેન્દ્ર સરકાર ઉઠાવશે અને આ સુવિધા માત્ર તેવા જ પરિવારોને મળશે જે 100 દિવસ પુરા કરશે. દુકાળને કારણે અમુક ક્ષેત્રોમાં ખેતીનાં કાર્યો પર અસર થશે અને વેતન આધારિત રોજગારની માંગ વધશે. આથી દુકાળગ્રસ્ત ક્ષેત્રોમાં મનરેગા હેઠળ વેતનના દિવસોની સંખ્યા વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો. મનમોહનસિંહની સરકારે 2014માં આદિવાસી ક્ષેત્રો માટે મનરેગા હેઠળ કાર્યદિવસોની સંખ્યા 100 દિવસોથી વધારીને 150 કરી દીધી હતી. તેમને આ અધિકાર વન અધિકાર અધિનિયમ, 2006 હેઠળ પ્રાપ્ત થયો.




www.crackgpsc.com

- **શરદ પવાર મુંબઈ ક્રિકેટ એસોસિએશનના અધ્યક્ષ તરીકે પસંદગી પામ્યા**

  રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવાર મુંબઈ ક્રિકેટ એસોસિએશનના અધ્યક્ષ તરીકે પસંદગી પામ્યા. તેઓ સાતમી વખત એમસીએ અધ્યક્ષ બનશે.

- **વેલ્ધ-એક્સે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિઓની યાદી બહાર પાડી**

  વેલ્ધ-એક્સે દુનિયાના સૌથી અમીર વ્યક્તિઓની યાદી બહાર પાડી. આ યાદીમાં માઈક્રોસોફ્ટના સહ-સંસ્થાપક બિલ ગેટ્સ 86 બિલિયન અમેરિકન ડોલરની સંપત્તિ સાથે ટોચ પર છે. વેલ્ધ-એક્સની યાદીમાં 25 સ્થાનોમાંથી 14 પર અમેરિકન સાહસિકો છે.

- **પીપીપીમાંથી રઝા પરવેઝ અશરફ અને યુસુફ રઝા ગિલાનીનું રાજીનામુ**

  પાકિસ્તાનની પાકિસ્તાન પીપુલ્સ પાર્ટી (પીપીપી)માંથી રઝા પરવેઝ અશરફ અને યુસુફ રઝા ગિલાનીએ રાજીનામુ આપ્યું. તેઓ બંને પાકિસ્તાનના વડાપ્રધાન રહી ચુક્યા છે. ગિલાની તથા અશરફ પીપીપીમાં ક્રમશઃ ઉપાધ્યક્ષ તથા મહાસચિવના પદ પર કાર્યરત હતા. તેમણે રાજીનામાનું કારણ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને પાર્ટીના સહ-અધ્યક્ષ આસિફ અલી ઝરદારી દ્વારા સેનાની આલોચના થવાનું દર્શાવ્યું.

- **કેન્દ્ર સરકારે હવામાન ચેતવણી સેવા નાઉકાસ્ટ શરુ કરી**

  કેન્દ્રીય કૃષિ મંત્રી રાધા મોહનસિંહે હવામાન ચેતવણી સેવા નાઉકાસ્ટ (NOWCAST) શરુ કરી. નાઉકાસ્ટ હેઠળ એમ કિસાન પોર્ટલ પર રજીસ્ટર્ડ એક કરોડથી વધુ ખેડૂતોને ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગ દ્વારા મુશળધાર વરસાદ, આંધી, તોફાન અને હવામાનની જાણકારી એસએમએસ એલર્ટ દ્વારા મોકલવામાં આવશે.

- **2022 સુધી JNNSM હેઠળ 100000 મેગાવોટ સૌર ઊર્જાનું લક્ષ્ય નિર્ધારિત**

  કેન્દ્રીય મંત્રીમંડળે સૌર ઊર્જાના લક્ષ્યને જવાહર લાલ નહેરુ રાષ્ટ્રીય સોલર મિશન (JNNSM) હેઠળ પાંચ ગણું વધારીને 100000 મેગાવોટ (100 GW) કરી દીધું. આ લક્ષ્ય વર્ષ 2022 સુધી પૂરું કરવામાં આવનાર છે. આ પહેલાં વર્ષ 2022 સુધી 20,000 મેગાવોટ સોલર ઊર્જાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવેલ હતું. આનાથી ભારત વિશ્વમાં હરિત ઊર્જા પ્રદાન કરનાર એક અગ્રણ્ય રાષ્ટ્ર બની જશે.

- **ચીનમાં ભગવદ્ ગીતાની અનુવાદિત આવૃત્તિ બહાર પાડવામાં આવી**

  ચીનમાં ભારતના પ્રાચીન ધાર્મિક ગ્રંથ ભગવદ્ ગીતાની ચીની ભાષામાં અનુવાદિત આવૃત્તિ બહાર પાડવામાં આવી. તેનું લોકાર્પણ ચીનમાં આયોજિત આંતરરાષ્ટ્રીય યોગ સંમેલનમાં ચીનમાં ભારતીય રાજદૂત અશોક કે. કાન્તે કર્યું. ચીની ભાષામાં અનુવાદિત ગીતાની આ

આવૃત્તિના અનુવાદનું કામ શંઘાઈ યુનિવર્સીટીના વાંગ ઝૂ ચેંગ અને લેંગ હેએ (Wang Zsu Csœng and Ling Hai) કર્યું. આ પુસ્તકનું આમુખ કે. નાગરાજ નાયડુએ લખ્યું છે. પ્રથમ વખત કોઈ પ્રસિદ્ધ ભારતીય ધાર્મિક ગ્રંથનો ચીની ભાષામાં અનુવાદ કરીને તેને ચીનમાં બહાર પડાયો.

- **આકાર પટેલ એમનેસ્ટી ઇન્ટરનેશનલ ઇંડિયાના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર નિયુક્ત**

  લેખક-પત્રકાર આકાર પટેલને એમનેસ્ટી ઇન્ટરનેશનલ ઇંડિયાના **એક્ઝિક્યુટીવ** ડિરેક્ટર નિયુક્ત કરવામાં આવ્યા. આકાર પટેલ આ માનવાધિકાર સંગઠનના ભારતીય ઓપરેશનનું નેતૃત્વ કરશે અને માનવાધિકારોના હનનને ભારત અને દુનિયામાં રોકવામાં પોતાની ભૂમિકા ભજવશે.

- **કીથ વાજ બ્રિટનની સંસદીય સમિતિના પુનઃ અધ્યક્ષ ચૂંટાયા**

  ભારતીય મૂળના બ્રિટીશ સાંસદ કીથ વાજને બ્રિટીશ સંસદના ગૃહ વિભાગની પ્રભાવશાળી પ્રવર સમિતિના પુનઃ અધ્યક્ષ ચૂંટવામાં આવ્યા. તેઓ સતત ત્રીજી વખત આ પદ માટે ચૂંટાયા. કીથ વાજ, લેબર પાર્ટી તરફથી લિસેસ્ટર પૂર્વના સાંસદ છે.

- **માઈક્રોમેક્સે દુનિયાનો સૌથી પાતળો 4-જી ફોન લોન્ચ કર્યો**

  ભારતીય મોબાઈલ કંપની માઈક્રોમેક્સે દુનિયાનો સૌથી પાતળો 4-જી ફોન કેનવાસ સિલ્વર 5 લોન્ચ કર્યો. આની જાડાઈ માત્ર 5.1mm છે અને તેનું વજન માત્ર 97 ગ્રામ છે.

- **ઝારખંડના મુખ્યમંત્રીએ થર્મોકોલની પ્લેટના વેચાણ પર પ્રતિબંધ મુક્યો**

  ઝારખંડના મુખ્યમંત્રી રઘુવર દાસે સમગ્ર પ્રદેશમાં થર્મોકોલની પ્લેટ્સના વેચાણ પર પ્રતિબંધ મુક્યો. આ નિર્ણય પાંદડાની પ્લેટ્સને પ્રોત્સાહન આપવા અને રાજ્યમાં પાંદડાની પ્લેટ્સના ઉત્પાદનમાં રોકાયેલ ગરીબ અને જનજાતિય લોકો માટે રોજગારીની તકો વધારવાના હેતુથી લેવામાં આવ્યો.

- **ભારત અને તાન્ઝાનિયાએ છ સમજુતી પર હસ્તાક્ષર કર્યા**

  ભારત અને તાન્ઝાનિયાએ દ્વિપક્ષીય સહયોગને ગાઢ બનાવવા માટે પર્યટન, શિક્ષણ અને હાઈડ્રોગ્રાફી ક્ષેત્રે છ સમજુતી પર હસ્તાક્ષર કર્યા. તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ જકાયા મ્રિશો કીક્વેતેની ભારત યાત્રા દરમ્યાન આ હસ્તાક્ષર કરવામાં આવ્યા.

- **ચીને વિશ્વનું પ્રથમ ઇલેક્ટ્રિક વિમાન (બીએક્સ-1ઈ) બનાવ્યું**

  ચીને વિશ્વનું પ્રથમ ઇલેક્ટ્રિક વિમાન (બીએક્સ-1ઈ) બનાવ્યું. આ વિમાન 3,000 મીટરની ઊંચાઈએ ઉડી શકે છે. તેને બે કલાકની અંદર ચાર્જ કરી શકાય છે. આ વિમાન અધિકતમ 160 કિમી/કલાકની ઝડપે 45 મિનિટથી એક કલાક સુધીની ઉડાન ભરી શકે છે.

- **વૈશ્વિક સ્તરે પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવ્યો**

  21 જુન 2015ના દિવસને વૈશ્વિક સ્તરે પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવ્યો. આ પહેલાં 3 જુન 2015ના રોજ ભારતમાં રાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો હતો. નવી દિલ્હીના રાજપથ પર આયોજિત પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સમારંભ દરમ્યાન બે ગીનીઝ વર્લ્ડ રેકોર્ડ્સ બન્યા. રાજપથ પર આયોજિત સમારંભમાં 35,985 લોકોએ એક સાથે યોગ કર્યા અને 84 દેશોના પ્રતિનિધિ અહીં સત્તાવાર રીતે સામેલ થયા.

- **સૌર ઊર્જા પ્રોજેક્ટ્સ સંબંધી ગ્રીડ શરુ કરવામાં રાજસ્થાન પ્રથમ**

  દેશમાં સૌર ઊર્જા પ્રોજેક્ટ્સ સંબંધી ગ્રીડ શરુ કરનાર રાજ્યોની યાદીમાં 1147 મેગાવોટની ક્ષમતા સાથે રાજસ્થાન પ્રથમ સ્થાને છે. આ આંકડા સેન્ટ્રલ ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી મિનિસ્ટ્રી દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા. ગુજરાત જે વર્ષ 2014 સુધી સૌર ઊર્જા ઉત્પાદનમાં પ્રથમ ક્રમે હતું, 1000 મેગાવોટની ક્ષમતા સાથે બીજા ક્રમે પહોંચી ગયું.

- **ઇન્સ્ટીટયુટ ઓફ ઇકોનોમિકસ એન્ડ પીસે ગ્લોબલ પીસ ઇન્ડેક્સ 2015 બહાર પાડ્યો**

  ઇન્સ્ટીટયુટ ઓફ ઇકોનોમિકસ એન્ડ પીસે ગ્લોબલ પીસ ઇન્ડેક્સ 2015 બહાર પાડ્યો. 162 દેશોની શાંતિ ગણનાના આધાર પર 2015માં ભારત 143મા સ્થાને રહ્યું. 2014માં પણ ભારત 143મા સ્થાને જ હતું. રિપોર્ટ મુજબ આઈસલેન્ડ સૌથી શાંતિપૂર્ણ દેશ છે તથા ડેન્માર્ક અને ઓસ્ટ્રિયા ક્રમશઃ બીજા અને ત્રીજા સ્થાને છે.

- **મુંબઈમાં ઝેરીલો દારૂ પીવાથી 90થી વધુ લોકોનાં મૃત્યુ**

  મુંબઈ સ્થિત મલાડ વિસ્તારના માલવણીમાં લક્ષ્મીનગર ઝુંપડપટ્ટીમાં ઝેરીલો દારૂ પીવાથી 90થી વધુ લોકોના મૃત્યુ થયાં અને 120 લોકોને ગંભીર સ્થિતિમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.

- **બિયોન્ડ ડાઉટ : અ ડોઝીયર ઓન ગાંધીઝ એસેસીનેશન**

  તીસ્તા સીતલવાડ લેખિત બિયોન્ડ ડાઉટ : અ ડોઝીયર ઓન ગાંધીઝ એસેસીનેશનનું વિમોચન કરવામાં આવ્યું. આ પુસ્તક 30 જુન 1948ના રોજ મહાત્મા ગાંધીની હત્યા સંબંધી સરકારી દસ્તાવેજો તથા મરાઠી, ગુજરાતી અને હિન્દીમાં ઉપલબ્ધ અનુવાદોનું એક સંકલન છે. આ પુસ્તકમાં લેખિકાએ મહાત્મા ગાંધીની હત્યા માટે જવાબદાર વિચારસરણી પર પ્રહાર કરવાનો પ્રયાસ કર્યો છે. આમાં લેખિકાએ એ દર્શાવવાનો પ્રયાસ કર્યો છે કે મહાત્મા ગાંધીની હત્યા સ્વતંત્ર ભારતમાં પ્રથમ આતંકવાદી ઘટનાની શરૂઆત હતી.

www.crackgpsc.com

- **ભારતીય રેલવે ટીમે ટેનિસ અને વોલીબોલની વિશ્વ રેલવે સ્પર્ધાઓ જીતી**

  ભારતીય રેલવેએ ફ્રાન્સને હરાવીને 20મી 'યુનિયન સ્પોર્ટિવ ઇન્ટરનેશનલ ચેમ્પિયનશિપ-ટેનિસ' (યુએસઆઈસી) જીતી. યુએસઆઈસી-વોલીબોલ (વિશ્વ રેલવે) સ્પર્ધામાં ભારતીય ટીમે રશિયાને હરાવીને જીત મેળવી.

- **સર્બિયાએ પ્રથમ વાર ફીફા અન્ડર-20 ફૂટબોલ વિશ્વ કપ 2015 જીત્યો**

  સર્બિયાએ બ્રાઝિલને હરાવીને પ્રથમ વાર ફીફા અન્ડર-20 ફૂટબોલ વિશ્વ કપ 2015 જીતી લીધો. વર્ષ 2006માં સ્વતંત્ર રાષ્ટ્ર બન્યા બાદથી સર્બિયાનો આ પ્રથમ ખિતાબ છે. એડેમા ટ્રરોરે (માલી)ને ગોલ્ડન બોલનો, વિક્ટર કોલાલેનકો (યુક્રેન)ને ગોલ્ડન બુટનો પુરસ્કાર આપવામાં આવ્યો.

- **નિકો રોઝબર્ગે ઓસ્ટ્રિયા ગ્રાં. પ્રિ. 2015 ફોર્મ્યુલા વન ખિતાબ જીત્યો**

  મર્સિડીઝના ડ્રાઈવર નિકો રોઝબર્ગે ઓસ્ટ્રિયા ગ્રાં. પ્રિ. 2015 ફોર્મ્યુલા વન ખિતાબ જીત્યો. આ રેસમાં બ્રિટનના લુઇસ હેમિલ્ટન (મર્સિડીઝ) બીજા સ્થાને રહ્યા.

- **વોટર લૂ યુદ્ધની 200મી વર્ષગાંઠ ઉજવવામાં આવી**

  20 જુન 2015ના રોજ વોટર લૂ યુદ્ધની 200મી વર્ષગાંઠ ઉજવવામાં આવી. વોટર લૂ યુદ્ધ આધુનિક બેલ્જીયમ નજીક વોટર લૂ, જે આ યુદ્ધ દરમ્યાન 1815માં બ્રિટનના નેધરલેન્ડનો ભાગ હતું, ત્યાં લડાયું હતું, જેમાં નેપોલિયન બોનાપાર્ટની હાર સાથે જ તેના યુગનો પણ અંત થઇ ગયો. પરાજિત થયા બાદ નેપોલિયનને કાળા પાણીની સજા રૂપે દક્ષિણ આફ્રિકાના સેન્ટ હેલેના ટાપુ પર દેશવટો અપાયો હતો જ્યાં લગભગ 6 વર્ષ સુધી જીવિત રહ્યા બાદ પેટના કેન્સરને કારણે 5 મે 1821ના રોજ તેનું મૃત્યુ થયું હતું.

- **ક્રિસ્ટીયાનો રોનાલ્ડોના નામે નવી આકાશગંગાનું નામ સી.આર.7 રખાયું**

  વૈજ્ઞાનિકોએ તાજેતરમાં શોધવામાં આવેલ નવી આકાશગંગાનું નામ પોર્ટુગલના ફૂટબોલ ખેલાડી ક્રિસ્ટીયાનો રોનાલ્ડોના નામ પર સી.આર.7 રાખ્યું છે. ક્રિસ્ટીયાનો રોનાલ્ડોને સી.આર.7 નામથી પણ ઓળખવામાં આવે છે.



- **ચીને સ્નુકર વિશ્વ કપ 2015નો ખિતાબ જીત્યો**

  ચીને સ્કોટલેન્ડને હરાવીને સ્નુકર વિશ્વ કપ જીતી લીધો. આ સ્પર્ધામાં ભારતે ત્રીજું સ્થાન મેળવ્યું. આ સ્પર્ધામાં ભારતનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. સ્નુકર વિશ્વ કપ સ્પર્ધા વર્લ્ડ પ્રોફેશનલ બિલિયર્ડ્સ એન્ડ સ્નુકર ફેડરેશન (WPBSA) દ્વારા યોજવામાં આવે છે.

- **અમેરિકાના જોર્ડન સ્પીથે યુએસ ઓપન ગોલ્ફ કપ જીત્યો**

  જોર્ડન સ્પીથે ચેમ્બર્સ બેમાં રમાયેલ યુએસ ઓપનમાં જીત નોંધાવી. આ જીત સાથે જ તેઓ ટાઈગર વુડ્સ (વર્ષ 2002માં) બાદ એવા પ્રથમ ખેલાડી બન્યા જેમણે એક જ વર્ષમાં માસ્ટર્સ તથા યુએસ ઓપન ગોલ્ફ કપ જીત્યો.

- **સ્વિસ બેંકોમાં જમા વિદેશી ધનના મામલામાં ભારત 61મા સ્થાને**

  સ્વિસ બેંકોમાં જમા વિદેશી ધનના મામલામાં ભારત 3 સ્થાન નીચે ખસીને 61મા સ્થાને પહોંચી ગયું. સ્વિસ બેંકોમાં વિદેશી ધન જમા કરવાની બાબતે બ્રિટન પ્રથમ અને અમેરિકા બીજા સ્થાને છે. સ્વિસ બેંકોમાં કુલ વૈશ્વિક ધનના 22% માત્ર બ્રિટનના છે.

- **રશિયાએ યુરોપીયન ટીમ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2015 જીતી**

  યુરોપીયન ટીમ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં 40 સ્પર્ધાઓમાંથી 10માં જીત મેળવીને રશિયાએ પ્રથમ સ્થાન મેળવ્યું. આ ચેમ્પિયનશિપ ચેબોક્સારી, રશિયામાં યોજવામાં આવી. રશિયાએ વર્ષ 2009માં ચેમ્પિયનશિપની સ્થાપના બાદ ચોથી વખત આ ખિતાબ જીત્યો. આમાં જર્મનીએ બીજું સ્થાન મેળવ્યું.

- **એસબીજી ક્લીનટેક લિ.ની રચના કરવામાં આવી**

  જાપાનની સોફ્ટબેંક કોર્પ, ભારતી એન્ટરપ્રાઈઝ લિ. અને તાઈવાનની ઇલેક્ટ્રોનિક્સ સપ્લાયર ફોક્સકોને એસજીબી ક્લીનટેક લિ. નામથી સંયુક્ત સાહસ (જેવી)ની રચના કરી. આ સંયુક્ત સાહસની રચના ભારતમાં સ્વચ્છ અને સુરક્ષિત ઊર્જા અપનાવવાને પ્રોત્સાહન આપવાના હેતુથી કરવામાં આવી. ભારતી એન્ટરપ્રાઈઝના મનોજ નંદા એસજીબી ક્લીનટેકના એક્ઝિક્યુટીવ ચેરમેન હશે જ્યારે રમણ નંદા ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર (CEO) હશે. તેનું મુખ્યાલય દિલ્હીમાં સ્થાપિત કરવામાં આવશે.

- **રોજર ફેડરરે આઠમી વખત એટીપી ગેરી બેબર ઓપન હાલે ટુર્નામેન્ટ જીતી**

  સ્વીટ્ઝરલેન્ડના ટેનિસ ખેલાડી રોજર ફેડરરે આંદ્રીયાસ સેપીને સીધા સેટોમાં હરાવીને આઠમી વખત એટીપી ગેરી બેબર ઓપન હાલે ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો. આ સાથે જ સેપી વર્ષ 1993માં ટુર્નામેન્ટ શરુ થયા બાદથી હાલેમાં ફાઈનલ રમનાર ઇટાલીના પ્રથમ ટેનિસ ખેલાડી

બની ગયા. બીજી તરફ પુરુષ યુગલ ફાઈનલમાં અમેરિકા-દક્ષિણ આફ્રિકાની રાવેન-રાજીવની જોડીએ બોપન્ના-ફ્લોરિનની જોડીને હરાવીને ટુર્નામેન્ટનો પુરુષ યુગલ ખિતાબ જીત્યો.

- **બેન્ની જોસેફ માવેલિલ વી. કે. કૃષ્ણ મેનન પુરસ્કાર માટે પસંદગી પામ્યા**

  બ્રિટનમાં રહેનાર બેન્ની જોસેફ માવેલિલને ઉત્કૃષ્ટ પરોપકારી ઉપલબ્ધિઓ અને સમુદાય અને બહુસાંસ્કૃતિક સમાજ પ્રત્યે તેમની સેવા તથા યોગદાન માટે પ્રતિષ્ઠિત વી. કે. કૃષ્ણમેનન પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા. માવેલિલ મૂળ રૂપે કેરળના છે અને તેઓ છેલ્લા એક દાયકાથી પણ વધુ સમયથી બ્રિટનમાં રહીને કામ કરી રહ્યા છે.

- **મિશનરીઝ ઓફ ચેરીટીનાં ભૂતપૂર્વ પ્રમુખ સિસ્ટર નિર્મલા જોશીનું અવસાન**

  મિશનરીઝ ઓફ ચેરીટીનાં ભૂતપૂર્વ પ્રમુખ સિસ્ટર મેરી નિર્મલા જોશીનું અવસાન થઇ ગયું. વર્ષ 1997માં મધર ટેરેસાના મૃત્યુ બાદ સિસ્ટર નિર્મલાએ મિશનરીઝ ઓફ ચેરીટીના પ્રમુખ સ્વરૂપે કાર્યભાર સંભાળ્યો હતો.

- **ભારત, રશિયન ઔદ્યોગિક વેપાર મેળા 'ઈનનોપ્રોમ 2016' માટે ભાગીદાર દેશ બન્યું**

  ભારતે રશિયાના મુખ્ય ઔદ્યોગિક મેળા 'ઈનનોપ્રોમ 2016' (INNOPROM 2016)માં ભાગીદાર દેશ તરીકે ભાગ લેવાનું રશિયા સરકારનું આમંત્રણ સ્વીકાર્યું. આ મેળો જુલાઈ 2016માં રશિયાના હેલ્ડાટ યેકાતેરીનબર્ગમાં યોજાનાર છે.

- **ઇપીએફઓ દ્વારા તમામ ભરતીકારો માટે યુએએન અનિવાર્ય**

  કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને (EPFO) કર્મચારી ભવિષ્ય નિધિ અને મીસેલીનીયસ પ્રોવિઝન્સ એક્ટસ, 1952 હેઠળ આવતા તમામ ભરતીકારો માટે યુનિવર્સલ એકાઉન્ટ નંબર (યુએએન)ને અનિવાર્ય બનાવ્યો. યુએએન સુવિધાની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 1 ઓક્ટોબર, 2014ના રોજ થઇ હતી. યુએએન એક એવો નંબર છે જેનો ઉપયોગ કર્મચારી આજીવન કરી શકે છે અને નોકરી બદલવાના કિસ્સામાં તેને પીએફ ટ્રાન્સફર કરાવવાની અરજી નહિ કરવી પડે. આની ઔપચારિકતાઓને પૂર્ણ કરવા માટે 25 ઓગસ્ટ 2015 સુધીની સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ છે.

- **યુરોપીયન સંઘ દ્વારા સ્થળાંતરીત-દાણચોરી વિરુદ્ધ ઓપરેશન 'ઈયુ નવફોર મેડ'નો શુભારંભ**

  ભૂમધ્ય સાગર પાર પ્રવાસી માનવ તસ્કરો અને ગેરકાયદેસર વેપારીઓને યુરોપમાં આવતા રોકવા માટે યુરોપીયન સંઘે 'ઈયુ નવફોર મેડ' (EU NAVFOR Med) નામનું એક નેવી ઓપરેશન શરૂ કર્યું.

www.crackgpsc.com

## ➢ 4th week

- **લખનઉ પ્રાણીસંગ્રહાલયનું નામ બદલીને નવાબ વાજીદઅલી શાહ પ્રાણી ઉદ્યાન કરાયું**

  ઉત્તરપ્રદેશ સરકારે લખનઉ પ્રાણી ઉદ્યાનનું નામ નવાબ વાજીદઅલી શાહ પ્રાણી ઉદ્યાન, લખનઉ રાખવાનો નિર્ણય કર્યો. શાહ અવધના છેલ્લા નવાબ હતા. વર્ષ 1856માં અંગ્રેજોએ અવધ પ્રાંત પર કબજો કરી લીધો હતો. આઝાદી પછીની આ પ્રથમ ઘટના છે જેમાં કોઈ સ્મારકનું નામ અવધ કે અવધના નવાબના નામ પર રાખવામાં આવ્યું.

- **આઈબીઈએફે બૌદ્ધિક સંપદા અધિકારનો રિપોર્ટ પ્રસ્તુત કર્યો**

  ઇંડિયા બ્રાંડ ઇક્વિટી ફાઉન્ડેશને (આઈબીએઈફ) વર્ષ 2013-14 દરમ્યાન ભારતમાં દાખલ થયેલ બૌદ્ધિક સંપદા અધિકારનો રિપોર્ટ (આઈપીઆર) પ્રસ્તુત કર્યો. આઈપીઆર દાખલ કરવાની બાબતે મહારાષ્ટ્ર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની યાદીમાં ટોચ પર છે, જયારે બેંગલુરુ આઈપીઆર દાખલ કરવાના મામલે ટોચના શહેરોમાં સામેલ છે.

- **દીપક કુમારે ઈએસઆઈસીના મહાનિદેશકનો પદભાર સંભાળ્યો**

  દીપક કુમારે કામદાર રાજ્ય વીમા નિગમના (Employee's State Insurance Corporation, ESIC) ડિરેક્ટર જનરલનો વધારાનો હોદ્દો સંભાળ્યો. ESIC ભારતીય કર્મચારીઓ માટે વીમા ભંડોળની વ્યવસ્થા કરે છે.

- **ત્રણ ભારતીય સહિત 60 વ્યક્તિ વર્ષ 2015ના 'ધ ક્વીન્સ યંગ લીડર્સ' પુરસ્કારથી સન્માનિત**

  ત્રણ ભારતીય (બે મહિલા) સહિત 60 લોકોને વર્ષ 2015ના 'ધ ક્વીન્સ યંગ લીડર્સ' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. આમાં ભારતના અશ્વિની અગાદી, દેવિકા મલિક અને અક્ષય જાધવ સામેલ છે. જાધવને મહારાષ્ટ્રમાં વિદર્ભના ગ્રામ્ય કૃષિ ક્ષેત્રે શૈક્ષણિક અને કૌશલ્ય પાઠ્યક્રમ શરુ કરવાના તેમના પ્રયત્નો માટે, દેવિકા મલિકને તેમના વ્હીલીંગ હેપ્પીનેસ ફાઉન્ડેશનના પ્રયાસો માટે સન્માનિત કરવામાં આવ્યા. આ સંસ્થા અશક્ત લોકો માટે ધન એકત્ર કરવા અને તેમના માટે તક પૂરી પાડવા માટે કાર્યરત છે.

- **ગંગા સફાઈ મિશનના પ્રભાવશાળી અમલ માટે મોબાઈલ એપ શરુ**

  કેન્દ્રીય જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ મંત્રી ઉમા ભારતીએ ભુવન ગંગા મોબાઈલ એપ્લીકેશન અને વેબ પોર્ટલની શરૂઆત કરી. ભુવન ગંગા પોર્ટલ એક વિશેષ વેબ પોર્ટલ છે જેનાથી ગંગા નદી સંબંધી તમામ જીઓસ્પેશિયલ માહિતી સાથે ઈસરો ભુવનના જીઓપોર્ટલમાં સ્થાપિત કરવામાં આવેલ છે. તેનો પ્રયોગ નિર્ણય લેવા તથા ગંગા સફાઈ મિશનની યોજના બનાવવા માટે કરવામાં આવશે.

www.crackgpsc.com

- **ટાઈટેનિક ફિલ્મના સંગીતકાર જેમ્સ હોર્નરનું નિધન**

બે વખત ઓસ્કાર વિજેતા સંગીતકાર જેમ્સ હોર્નરનું યુએસએના કેલીફોર્નીયામાં એક વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું. જેમ્સ હોર્નરે જેમ્સ કેમરૂનની ત્રણ ફિલ્મો બ્રેવહાર્ટ, ટ્રાય એન્ડ એપોલો 13, એ બ્યુટીફૂલ માઈન્ડ માટે સંગીત આપ્યું હતું. જેમ્સ હોર્નરે સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ અવતાર અને ટાઈટેનિકમાં પણ સંગીત કમ્પોઝ કર્યું હતું. વર્ષ 1997માં હોર્નરે જેમ્સ કેમરૂન દ્વારા નિર્દેશિત ટાઈટેનિક ફિલ્મના 'માય હાર્ટ વિલ ગો ઓન' ગીત માટે બેસ્ટ ઓરીજીનલ સ્કોર અને બેસ્ટ ઓરીજીનલ ગીતના બે ઓસ્કાર (એકેડમી પુરસ્કાર) જીત્યા હતા.

- **મહારાષ્ટ્રએ બ્લુ મોરમોનને રાજકીય પતંગિયાનો દરજ્જો આપ્યો**

મહારાષ્ટ્ર સરકારે બ્લુ મોરમોન (પૈપિલિયો પોલીન્સ્ટર)ને રાજકીય પતંગિયું જાહેર કર્યું. આ નિર્ણય દ્વારા મહારાષ્ટ્ર દેશમાં રાજકીય પતંગિયુ જાહેર કરનાર પ્રથમ રાજ્ય બની ગયું. આ પહેલાં રાજ્ય સરકારે પીળા પંજાવાળા લીલા કબુતરને રાજકીય પક્ષી, વિશાળ ખિસકોલીને રાજકીય પ્રાણી, આંબાને રાજકીય વૃક્ષ તથા જારુલને રાજકીય ફૂલનો દરજ્જો આપ્યો હતો. દેશમાં જોવામાં આવતા કુલ પતંગિયાંમાંથી 15% પતંગિયાં મહારાષ્ટ્રમાં છે.

- **કાર્લાઇલ ગ્રૃપ દ્વારા મેગ્ના એનર્જીમાં 500 મિલિયન અમેરિકન ડોલરના રોકાણની ઘોષણા**

કાર્લાઇલ ગ્રૃપ દ્વારા મેગ્ના એનર્જીમાં 500 મિલિયન અમેરિકન ડોલરના રોકાણની ઘોષણા કરવામાં આવી. ભારતના તેલ અને ગેસ ક્ષેત્રમાં કોઈ પેટ્રોલીયમ કંપની દ્વારા કરવામાં આવનારું આ સૌથી મોટું રોકાણ હશે.

- **સ્ટેફી ગ્રાફ કેરલની આયુર્વેદ બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત**

'વિઝિટ કેરલ યોજના'ને પ્રોત્સાહિત કરવા માટે કેરલ પર્યટન વિભાગ દ્વારા 22 એકલ ગ્રાન્ડસ્લેમ ખિતાબ વિજેતા જર્મનીની પૂર્વ નંબર વન ખેલાડી સ્ટેફી ગ્રાફને કેરળની આયુર્વેદ બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવી.

- **ઇન્દ્રજીતસિંહ અને જીન્સન જોન્સને એશિયાઈ એથ્લેટિકસ ગ્રાં પ્રીમાં સુવર્ણચંદ્રક જીત્યો**

ઇન્દ્રજીતસિંહ અને જીન્સન જોન્સને બેન્કોક, થાઈલેન્ડમાં એશિયાઈ એથ્લેટિકસ ગ્રાં પ્રીમાં સુવર્ણચંદ્રક જીત્યો. જીન્સન જોન્સને પુરુષોની 800 મીટર સ્પર્ધામાં, જયારે ઇન્દ્રજીતસિંહે ગોળાફેંકમાં સુવર્ણચંદ્રક જીત્યો.

- **સાહિત્ય અકાદમી દ્વારા યુવા પુરસ્કાર અને ભાષા પુરસ્કારોની ઘોષણા**

સાહિત્ય અકાદમી દ્વારા યુવા પુરસ્કાર અને ભાષા પુરસ્કારોની ઘોષણા કરવામાં આવી. ક્લાસિકલ અને મધ્યકાલીન સાહિત્યમાં યોગદાન બદલ વર્ષ 2013 માટે ડો. કે. મીનાક્ષી સુંદરમ અને 2014 માટે આચાર્ય મુનીશ્વર ઝાને પસંદ કરાયા.

www.crackgpsc.com

- **પ્રખ્યાત પત્રકાર પ્રફુલ્લ બિદવઈનું નિધન**

  પ્રખ્યાત પત્રકાર, લેખક અને પરમાણું વિરોધી કાર્યકર્તા પ્રફુલ્લ બિદવઈનું ભોજનનો ટુકડો ગળામાં ફસાઈ જવાથી શ્વાસ રોકાઈ જવાના કારણે નિધન. બિદવઈ એમસ્ટર્ડમના ટ્રાન્સનેશનલ ઇન્સ્ટીટયુટમાં ફેલો હતા જે આંતરરાષ્ટ્રીય વિદ્વાન, કાર્યકર્તાઓનું એક સંગઠન છે.

- **TASSAT વિદ્યાર્થી ઉપગ્રહ પરિયોજનાનો શુભારંભ**

  ટ્રિનિટી કોલેજ ઓફ એન્જીનીયરીંગ, ત્રિવેન્દ્રમ, કેરળના વિદ્યાર્થી અને ફેકલ્ટીએ મળીને સ્ટુડન્ટ સેટેલાઈટ પ્રોજેક્ટ શરુ કર્યો. આ કાર્યક્રમનું નામ TASSAT (Trinity Adrak Student Satellite) રાખવામાં આવ્યું. આ પ્રોગ્રામને 2018 સુધીમાં પૂરો કરાશે. ઓમાનની એક પ્રાઇવેટ કંપની અલ અદરક આ પરિયોજનાને પ્રાયોજિત કરી રહી છે અને તેને નાણાકીય સહાયતા પૂરી પાડે છે.

- **સચિન તેંદુલકર 21મી સદીના સર્વશ્રેષ્ઠ ટેસ્ટ ખેલાડી**

  ઓસ્ટ્રેલિયાની એક વેબસાઈટ ક્રિકેટ.કોમ.એયુ દ્વારા કરાયેલ સર્વેમાં ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સચિન તેંદુલકરને 21મી સદીના સર્વશ્રેષ્ઠ ટેસ્ટ ખેલાડી તરીકે ચૂંટવામાં આવ્યા. આ સર્વેનું નામ વર્ષ 2000 સુધીના સર્વશ્રેષ્ઠ ટેસ્ટ ખેલાડી છે.

- **દેશમાં નવા 6 IIM ની સ્થાપનાને મંજુરી**

  કેન્દ્રીય મંત્રીમંડળે દેશમાં નવાં 6 IIM ની સ્થાપનાને મંજુરી આપી. નવાં IIM વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ), બોધગયા(બિહાર), સિરમૌર (હિમાચલપ્રદેશ), નાગપુર (મહારાષ્ટ્ર), નાગપુર (મહારાષ્ટ્ર), સંબલપુર (ઓડીશા) અને અમૃતસર (પંજાબ)માં સ્થાપવામાં આવશે.

- **શ્રી શ્રી રવિ શંકર કોલંબિયાના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સમ્માનિત**

  આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિ શંકર કોલંબિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન ઓરડેન ડી લા ડેમોક્રેસિયા સિમોન બોલીવર એવોર્ડથી સમ્માનિત. તેમને આ સમ્માન સંઘર્ષગ્રસ્ત ક્ષેત્રોમાં પુનર્વાસનું કામ કરવા તથા શાંતિપૂર્ણ ઉદેશ્યો માટે કામ કરવા બદલ આપવામાં આવ્યું. શ્રી શ્રી રવિ શંકરે 1981માં આર્ટ ઓફ લીવીંગની સ્થાપના કરી.



- **ઓસ્ટ્રેલિયાનો એશિયાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંકમાં સામેલ થવાનો નિર્ણય**

  ઓસ્ટ્રેલિયાએ ચીનના નેતૃત્વવાળી એશિયાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંકમાં સંસ્થાપક સદસ્ય રૂપે સામેલ થવાનો નિર્ણય કર્યો. ભારત આમાં ડિસેમ્બર 2015 સુધીમાં બીજો સૌથી મોટો શેરહોલ્ડર દેશ હશે.

- **અંશુલા કાંત SBI નાં ડેપ્યુટી મેનેજિંગ ડાયરેક્ટર અને CFO નિયુક્ત.**

  અંશુલા કાંત SBI નાં ડેપ્યુટી મેનેજિંગ ડાયરેક્ટર અને CFO (ચીફ ફાયનાન્શિયલ ઓફિસર) નિયુક્ત. અંશુલાએ પી કે ગુપ્તાનું સ્થાન ગ્રહણ કર્યું. પી કે ગુપ્તાને એસબીઆઈ કેપિટલના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે બઢતી આપવામાં આવી.

- **નેપાળના પુનઃનિર્માણ માટે આંતરરાષ્ટ્રીય સંમેલન સંપન્ન**

  નેપાળના પુનઃનિર્માણ માટે આંતરરાષ્ટ્રીય સંમેલન નેપાળની રાજધાની કાઠમંડુમાં સંપન્ન થયું. આ સંમેલન નેપાળ સરકાર દ્વારા નેપાલની સહાયતા માટે ફંડ એકઠું કરવા માટે કરવામાં આવ્યું જેથી વિનાશકારી ભૂકંપથી થયેલ નુકશાનની ભરપાઈ થઇ શકે. ભારત તરફથી વિદેશમંત્રી સુષમા સ્વરાજ આ સમેલનમાં સામેલ થયાં. ભારતે નેપાળને 1 બિલિયન અમેરિકન ડોલરની રકમની સહાયની ઘોષણા કરી.

- **જયપ્રકાશ નારાયણના જન્મ સ્થાનમાં રાષ્ટ્રીય સ્મારક બનાવવાનો પ્રસ્તાવ મંજુર**

  કેન્દ્રીય મંત્રીમંડળે લોકનાયક જયપ્રકાશ નારાયણના જન્મ સ્થાનમાં રાષ્ટ્રીય સ્મારક બનાવવાના પ્રસ્તાવને મંજુરી આપી. આ સ્મારકમાં એક સંગ્રહાલય અને એક સંસ્થાન લોક નાયક ખાદી ગૌરવ સવર્ધન કેન્દ્ર બનાવવામાં આવશે.

  **લોકનાયક જયપ્રકાશ નારાયણ**

  લોકનાયક જયપ્રકાશ નારાયણનો જન્મ 11 ઓક્ટોબર, 1902 ના બિહારના છપરા (સારણ) જીલ્લામાં સિતાબદિયારા ગામમાં થયો હતો. જયપ્રકાશ નારાયણને લોકનાયક કે જેપી નામથી પણ ઓળખવામાં આવે છે. ભારતની આઝાદી પછી નાગરિકોની સ્વતંત્રતાની રક્ષા કરવા અને તેને જાળવવા તેમના 'સંપૂર્ણ ક્રાંતિ'ના આહવાનથી ભારતમાં એક નવા લોકતાંત્રિક આંદોલનની શરૂઆત થઇ. 1998માં તેમને ભારત રત્નથી સમ્માનિત કરવામાં આવ્યા. તેમની આત્મકથા 'જયપ્રકાશ' રામવૃક્ષ બેનપુરી દ્વારા લખવામાં આવી.

- **સોનીપત સ્થિત હસનપુર ગામમાં ભારતની પ્રથમ આધુનિક આંગણવાડીનો પ્રારંભ**

  કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી મેનકા ગાંધીએ હરિયાણાના સોનીપત જીલ્લાના હસનપુર ગામમાં પીપીપીથી તૈયાર થયેલ ભારતના પ્રથમ આધુનિક આંગણવાડી કેન્દ્ર 'નંદ ઘર'નો

પ્રારંભ કર્યો. આનું નિર્માણ વેદાંતા ગૃપ દ્વારા માત્ર 12 લાખ રૂ.માં કરવામાં આવ્યું છે. આના માટે જમીનની ફાળવણી ગ્રામ પંચાયત દ્વારા કરાઈ છે. વેદાંતા ગૃપ સમગ્ર દેશમાં આવાં 4000 નંદ ઘરનું નિર્માણ કરશે જેનાથી 4 લાખ મહિલાઓ અને બાળકોને લાભ મળશે.

- **લડાખમાં બે દિવસીય વાર્ષિક હેમિસ મહોત્સવ**

  જમ્મુ કાશ્મીરના સૌથી મોટા મઠ લડાખ હેમિસ ગોમ્પા (મઠ)માં બે દિવસીય વાર્ષિક હેમિસ મહોત્સવની શરૂઆત થઇ. હેમિસ મહોત્સવ પદ્મસંભવના જન્મદિવસના રૂપમાં મનાવવામાં આવે છે. સમારોહની અધ્યક્ષતા મુખ્ય લામા કરે છે.

- **ઉજ્જવલ બત્રિયા ફ્રાન્સની સિમેન્ટ નિર્માતા કંપની લાફાર્જ ઇન્ડિયાના CEO નિયુક્ત**

  ઉજ્જવલ બત્રિયાને ફ્રાન્સની સિમેન્ટ નિર્માતા કંપની લાફાર્જ ઇન્ડિયા (સિમેન્ટ)ના CEO નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ છેલ્લાં 16 વર્ષોથી લાફર્જમાં કામ કરી રહ્યા છે.

- **RBIએ 2005થી પૂર્વ શ્રુંખલાવાળી બેંક નોટ પાછી લેવાની તારીખ વધારી**

  RBIએ જનતા માટે વર્ષ 2005થી પૂર્વ શ્રુંખલાવાળી બેંક નોટ પાછી લેવાની તારીખ 31 ડિસેમ્બર 2015 સુધી વધારી. RBIએ આ નોટ બદલવાની તારીખ 30 જૂન 2015 નિર્ધારિત કરી હતી. વર્ષ 2005 પહેલાં જારી કરાયેલી નોટની પાછળની તરફ પ્રકાશનનું વર્ષ નથી.

- **'બેનઝીર ભુટ્ટો: અ મલ્ટીડાઈમેન્શનલ પોટ્રેટ'નું વિમોચન**

  રશિયાના ડૉ.અન્ના સુવોરોવા લિખિત 'બેનઝીર ભુટ્ટો: અ મલ્ટીડાઈમેન્શનલ પોટ્રેટ' નામના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. આ પુસ્તક પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોનાં કાર્યો અને તેમના જીવનને સમર્પિત છે.

- **'ટ્રાન્સડેન્સ: માય સ્પીરીચ્યુઅલ એક્સપિરીયન્સ વિથ પ્રમુખ સ્વામીજી' પુસ્તક પ્રકાશિત**

  કલામ અને લેખક અરુણ તિવારી દ્વારા લખવામાં આવેલ પુસ્તક 'ટ્રાન્સડેન્સ: માય સ્પીરીચ્યુઅલ એક્સપિરીયન્સ વિથ પ્રમુખ સ્વામીજી' જારી કરવામાં આવ્યું. આ પુસ્તકમાં ડૉ. કલામ અને અરુણ તિવારીએ પ્રમુખ સ્વામીજીના જીવનમાં થયેલ આત્મ-સાક્ષાત્કારના અનુભવોને દર્શાવેલ છે. પ્રમુખ સ્વામીજી મહારાજ આધુનિક સમયના સૌથી પ્રેરણાદાયી આધ્યાત્મિક મહાનુભાવોમાંના એક છે અને ભગવાન સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક ઉત્તરાધિકારી છે.

- **વડાપ્રધાન દ્વારા અમૃત, સૌના માટે આવાસ અને સ્માર્ટ સિટી મિશન લોન્ચ**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રણ શહેરી વિકાસ યોજનાઓની શરૂઆત કરી.

www.crackgpsc.com

આ યોજનાઓ છે –

સ્માર્ટ સિટી મિશન, અમૃત અને સૌના માટે આવાસ. આ ત્રણ યોજનાઓને 'વિકાસના નવા એન્જીન' તરીકે ઓળખાવાઈ છે.

- **કાયાકલ્પ અને શહેરી પરિવર્તન માટે અટલ મિશન (Atal Mission for Rejuvenation and Urban Transformation, AMRUT):** આનો હેતુ વર્ષ 2015-16 અને વર્ષ 2019-20 વચ્ચે 50000 કરોડ રૂપિયાના ખર્ચે એક-એક લાખ અને તેનાથી વધુ વસ્તી ધરાવતા 500 શહેરોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવાનો છે.
- **સ્માર્ટ સિટી યોજના :** 100 સ્માર્ટ શહેરો પાંચ વર્ષ સુધીમાં વિકસાવવામાં આવશે અને આ માટે 48000 કરોડ રૂપિયા ખર્ચાશે.
- **સૌના માટે આવાસ** : આનો હેતુ શહેરી વિસ્તારોના તમામ યોગ્ય લોકોને વર્ષ 2022 સુધી આવાસ સુવિધા પૂરી પાડવાનો છે. આ યોજના હેઠળ આગામી સાત વર્ષમાં બે કરોડ મકાનોનું શહેરી ક્ષેત્રોમાં નિર્માણ કરવામાં આવશે. 2022 સુધી સૌના આવાસ પર 3 લાખ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે.

- **મૂર્તિદેવી પુરસ્કાર માટે ડૉ.વિશ્વનાથ ત્રિપાઠીની કૃતિ 'વ્યોમકેશ દરવેશ'ની પસંદગી**

  વર્ષ 2014ના મૂર્તિદેવી પુરસ્કાર માટે હિન્દીના સાહિત્ય સમાલોચક ડૉ.વિશ્વનાથ ત્રિપાઠીની કૃતિ 'વ્યોમકેશ દરવેશ'ની પસંદગી કરવામાં આવી. ક્રમમાં આ 28મો મૂર્તિદેવી પુરસ્કાર છે. 'વ્યોમકેશ દરવેશ' હિન્દીના સમાલોચક આચાર્ય હજારી પ્રસાદ દ્વિવેદીના જીવન પર આધારિત છે.

  **મૂર્તિદેવી પુરસ્કાર:**

  મૂર્તિદેવી પુરસ્કાર ભારતીય જ્ઞાનપીઠ દ્વારા દર વર્ષે એવી કૃતિ માટે આપવામાં આવે છે, જેમાં ભારતીય દર્શન અને સંસ્કૃતિ ઉપર ભાર મુકવામાં આવ્યો હોય. પુરસ્કાર-સ્વરૂપ વિજેતાને 4 લાખ રૂપિયા રોકડ, પ્રશસ્તિપત્ર, સરસ્વતી માતાની પ્રતિમા અને શાલ આપવામાં આવે છે.

- **લિએન્ડર પેસ એટીપી સર્કીટમાં 100 પાર્ટનર ક્લબમાં સામેલ થનાર 47મા ખેલાડી બન્યા**

  ભારતના ટેનિસ ખેલાડી લિએન્ડર પેસ એટીપી સર્કિટમાં 100 વિભિન્ન જોડીદારો સાથે રમનારા 47મા ખેલાડી બની ગયા. સ્પેનના ખેલાડી માર્સેલ ગ્રેનોલર્સ તેમના 100મા જોડીદાર હતા.

- **વેસલીન ટોપાલોવે નોર્વે શતરંજ ટુર્નામેન્ટ-2015 જીતી**

www.crackgpsc.com

વેસલીન ટોપાલોવે નોર્વે શતરંજ ટુર્નામેન્ટ-2015માં વિશ્વનાથન આનંદને ડ્રોમાં હરાવીને પ્રથમ સ્થાન મેળવ્યું.

- **સતનામસિંહની અમેરિકાની બાસ્કેટબોલ લીગ એનબીએ (NBA) માટે પસંદગી**

  ભારતના સતનામસિંહ અમેરિકાની બાસ્કેટબોલ લીગ એનબીએ (NBA)માં સામેલ થયા. તેઓ ભારતમાં જન્મેલ (લુધિયાણા, પંજાબ) એવા પ્રથમ ખેલાડી છે, જેમને એનબીએમાં સામેલ કરવામાં આવ્યા. આ સાથે જ એનબીએના 71 વર્ષના ઈતિહાસમાં ભારત તરફથી એનબીએમાં રમનાર તેઓ પ્રથમ ખેલાડી બન્યા. સતનામસિંહને એનબીએની ટીમ 'ડેલસ મૈવરિક્સે' પોતાની ટીમમાં રમવા માટે પસંદ કર્યા.

- **રાષ્ટ્રપતિએ એસએમજી પ્રમુખ પ્રતાપરાવ પવારને 'પૂણ્યભૂષણ પુરસ્કાર' પ્રદાન કર્યો**

  રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ સકાલ મીડિયા ગ્રુપના (એસએમજી) પ્રમુખ પ્રતાપરાવ પવારને 'પૂણ્યભૂષણ પુરસ્કાર' પ્રદાન કર્યો. પ્રતાપરાવ પવાર 'પૂણ્યભૂષણ પુરસ્કાર' મેળવનાર 27મા વ્યક્તિ છે.

- **પશ્ચિમ બંગાળનો નદિયા જીલ્લો સંયુક્ત રાષ્ટ્રના 'લોકસેવા પુરસ્કાર-2015'થી પુરસ્કૃત**

  પશ્ચિમ બંગાળના નદિયા જિલ્લાને સંયુક્ત રાષ્ટ્રના લોકસેવા પુરસ્કાર-2015થી પુરસ્કૃત કરવામાં આવ્યો. નદિયા જિલ્લાને સાબાર શૌચ ઘર (સૌ માટે શૌચાલય) પ્રોજેક્ટ માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો. આ પ્રોજેક્ટ હેઠળ નદિયા જીલ્લામાં અત્યાર સુધી 3,56,000 શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે.

- **શ્રીલંકાના રાષ્ટ્રપતિ મૈત્રીપાલ શ્રીસેનાએ સંસદ ભંગ કરી**

  શ્રીલંકાના રાષ્ટ્રપતિ મૈત્રીપાલ શ્રીસેના દ્વારા શ્રીલંકાની સંસદ ભંગ કરી દેવામાં આવી. જાન્યુઆરી 2015માં પદભાર સંભાળ્યાના માત્ર 160 દિવસ પછી શ્રીલંકાની સંસદ ભંગ થઇ ગઈ.

- **માનવરહિત સ્પેસએક્સ ફેલકન-9 રોકેટ લોન્ચ થયા બાદ દુર્ઘટનાગ્રસ્ત**

  માનવરહિત સ્પેસએક્સ ફેલકન-9 રોકેટ લોન્ચ થયાની થોડીક જ ક્ષણોમાં દુર્ઘટનાગ્રસ્ત થઇ ગયું. આ રોકેટ ફ્લોરીડાના કેપ કાર્નેવલથી લોન્ચ કરવામાં આવ્યું હતું. સ્પેસએક્સના સંસ્થાપક એલોન મસ્કે રોકેટની તરલ ઓક્સિજન ટેંકમાં વધુ પડતા પ્રેશરને દુર્ઘટનાનું મુખ્ય કારણ બતાવ્યું.

www.crackgpsc.com

- **લી ચોંગ વેઈએ કેનેડા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટ 2015નો એકલ ખિતાબ જીત્યો**

મલેશિયાના લી ચોંગ વેઇ અને કેનેડાના મિશેલ લીએ ક્રમશઃ પુરુષ અને મહિલાઓના વર્ગમાં કેનેડા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટનો એકલ ખિતાબ જીત્યો. મિશ્રિત યુગલનો ખિતાબ ચીનના લીજુન્હુઈ તથા લિયુયુચેને જીત્યો. મહિલાઓનો યુગલ ખિતાબ જ્વાલા ગુટ્ટા અને અશ્વિની પોનપ્પાની ભારતીય જોડીએ જીત્યો.




